અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧૧
વર્ષ : ૧૬
અંક : ૨૧૭
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૧૨ માસૂમ સહિત ૧૪ના થયા હતા મોત

## વડોદરાના હરણી બોટકાંડના મૃતકો માટે વળતર જાહેર કરાયું

### વડોદરામાં હરણી બોટ દુર્ઘટનામાં તમામ મૃતક બાળકના પરિવારને વળતર પેટે રૂ. ૩૧,૭૫,૭૦૦ આપવાનો સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે હુકમ કર્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરામાં હરણી બોટ દુર્ઘટનામાં તમામ મૃતક બાળકના પરિવારને વળતર પેટે રૂ. ૩૧,૭૫,૭૦૦ આપવાનો સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે હુકમ કર્યો છે. આ ઘટનામાં ૧૨ બાળકો અને બે શિક્ષક સહિત કુલ ૧૪ લોકોના મોત થયા હતા. આ આદેશ કરતા વડોદરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ વી. કે.સાંબડેએ જણાવ્યું છે કે, હાઈકોર્ટની અજીના આધારે તમામ મૃતક બાળકના પરિવારજનોને વળતર પેટે રૂ. ૩૧,૭૫,૭૦૦ તથા બે શિક્ષકોને અનુક્રમે રૂ. ૧૧,૨૧,૯૦૦ અને રૂ. ૧૬,૬૮,૨૦૯ તેમજ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦નું વળતર આપવામાં આવે છે. આ ઉપરાંત નક્કી કરેલી વળતરની રકમ પર જાહેર હિતની અરજીની દાખલ તારીખથી વસૂલાત સુધીના સમયગાળા માટે વાર્ષિક ૯% વ્યાજ દર પ્રમાણે રકમ મળવાપાત્ર રહેશે. હરણી બોટ કાંડ અંગે વડોદરા કોર્પોરેશનની સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટર આશિષ જોષી સહિતના નેતાઓએ વારંવાર રજૂઆતો કરી હતી. તેમણે કોર્પોરેશન પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, 'આ વર્ષે કોર્પોરેશનની ભૂલના કારણે કુલ ૩૦ વ્યક્તિએ જીવ ગુમાવ્યો. હરણી બોટ કાંડમાં ૧૪ વિદ્યાર્થી અને બે શિક્ષિકા સહિત કુલ ૧૪ લોકોના મોત થયા. આ દુર્ઘટનાને એક વર્ષ વીતી ગયું હોવા છતાં પીડિત પરિવારો લાચારીથી મદદ માટે આજીજી કરી રહ્યા છે, જે આપણા માટે શરમજનક છે.' આ ઘટનાના એક વર્ષ પછી તપાસ કરતાં અધિકારીને લાગ્યું હતું કે, ફરિયાદી જ આરોપી છે, જેથી કોર્પોરેશનના અધિકારી રાજેશ ચૌહાણના પેન્શનમાંથી રૂ. ૫૦૦૦ કપાત કરવાનો કમિશનર હુકમ કર્યો. આ હુકમ પછી અનેક લોકોએ ઉગ્ર માગ કરતા કહ્યું હતું કે, કમિશનરના હુકમ પરથી જ સાબિત થાય છે કે આ પ્રકરણમાં રાજેશ ચૌહાણ દોષિત છે. જેથી મ્યુનિસિપલ કમિશનરે તેમની સામે વધારાની પોલીસ ફરિયાદ કરવી જોઈએ. રાજેશ ચૌહાણ ઉપરાંત ફ્યુચરિસ્ટિક સેલના હેડ, કાર્યપાલક ઈજનેર સહિત તમામ અધિકારીઓને આરોપી બનાવવા જોઈએ.

#### કોન્ટ્રાક્ટર કોટિયા બંધુએ પેડલ બોટ ચલાવવાની હતી, પરંતુ તેઓ તેના બદલે મોટર બોટ ચલાવતા હતા



કોર્પોરેશનના અધિકારીઓએ આ ઘટનામાં કોન્ટ્રાક્ટર કાયદા અને નિયમો મુજબ કામ કરે છે કે નહીં તેનું ધ્યાન રાખવાનું હતું, પરંતુ તેમાં પણ બેદરકારી રખાઈ. એટલે જ કોન્ટ્રાક્ટરે ત્યાં બેક્વેટ હોલ બનાવી દીધો અને જાહેરાતોના હોર્ડિંગ્સ લગાવીને કોમર્શિયલ ધંધા કર્યા. જાણે તળાવ ભાડે લીધું હોય, તેમ તેની આસપાસની તમામ મિલકતો પોતાની હોય એ રીતે તેનો ઉપયોગ કર્યો. નોંધનીય છે કે, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના આ મોડલમાં જે ભ્રષ્ટાચાર થયો, તેમાં વર્ષ ૨૦૧૫-૧૬ની સભામાં ૭૬ સભ્યોએ કામને મંજૂર કર્યું હતું. તેથી તેઓ પણ આ ઘટના માટે એટલા જ જવાબદાર છે.

નેતન્યાહુ સામે ધરપકડ વોરંટ જારી કરીને "તેમણે તેમની શક્તિનો દુરુપયોગ" કર્યો

## ટ્રમ્પે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પર લગાવ્યા પ્રતિબંધ

### આદેશમાં કહેવામાં આવ્યું છે કે હેગ કોર્ટે ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સામે ધરપકડ વોરંટ જારી કરીને "તેની શક્તિનો દુરુપયોગ" કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના શપથગ્રહણ બાદથી જ એક્શનમાં છે. ટ્રમ્પ પોતાના આદેશો દ્વારા સતત દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યા છે. આ વખતે, ટ્રમ્પે તેમના એક એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં અમેરિકા અને તેના નજીકના સાથી ઈઝરાયેલને નિશાન બનાવતી "પાયા વિનાની" તપાસ માટે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત પર પ્રતિબંધો લાદ્યા છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે હેગ કોર્ટે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સામે ધરપકડ વોરંટ જારી કરીને "તેની શક્તિનો દુરુપયોગ" કર્યો છે. નેતન્યાહૂએ મંગળવારે અમેરિકી રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી.આદેશમાં કહેવામાં આવ્યું છે કે ટ્રિબ્યુનલ અફઘાનિસ્તાનમાં અમેરિકન સૈનિકો અને ગાઝામાં ઈઝરાયેલી સૈનિકો દ્વારા કથિત યુદ્ધ અપરાધોની ICC તપાસનો ઉલ્લેખ કરીને "યુનાઈટેડ સ્ટેટ્સ અને અમારા નજીકના સાથી ઈઝરાયેલને નિશાન બનાવતી ગેરકાયદેસર અને પાયાવિહોણી ક્રિયાઓમાં રોકાયેલ છે."અમેરિકી રાષ્ટ્રપતિએ ICCના અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યોની સાથે કોર્ટની તપાસમાં મદદ કરનાર કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ સંપત્તિ ફ્રીઝ અને મુસાફરી પ્રતિબંધનો આદેશ આપ્યો છે.ગયા વર્ષે મે મહિનામાં ICC પ્રોસીક્યુટર કરીમ ખાનની અરજીને પગલે મંજૂર કરાયેલ વોરંટ, "માનવતા વિરુદ્ધના ગુનાઓ અને ૮ ઓક્ટોબર, ૨૦૨૩ થી ઓછામાં ઓછા ૨૦ મે, ૨૦૨૪ સુધી કરવામાં આવેલા યુદ્ધ અપરાધો માટે છે."તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન, ટ્રમ્પે ૨૦૨૦ માં તત્કાલિન ICC પ્રોસીક્યુટર ફાતૌ બેનસોદા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સ્ટાફ પર નાણાકીય અને વિઝા પ્રતિબંધો લાદ્યા હતા.

### ભારતીય સેનાએ સાત પાકિસ્તાનના ઘૂસણખોરોને ઠાર કર્યા

। (એજન્સી) જમ્મુ, તા.૭ ।

ઈન્ડિયન આર્મીએ જમ્મુ અને કાશ્મીરમાં લાઈન ઓફ કંટ્રોલ પર ઘૂસણખોરી કરવાની કોશિશ કરતા ૭ પાકિસ્તાનીઓને ઠાર કર્યા છે. આ ઘૂસણખોરોમાં પાકિસ્તાનના કુખ્યાત બોર્ડર એક્શન ટીમના આતંકીઓ પણ સામેલ છે. મીડિયા રિપોર્ટ્સમાં સૂત્રોના હવાલે જણાવ્યાં મુજબ ભારતીય સેનાએ ૪-૫ ફેબ્રુઆરીની રાતે નિયંત્રણ રેખા પર પોતાની ચોકી પર પાકિસ્તાની ઘૂસણખોરો દ્વારા ઘાત લગાવીને કરાયેલા હુમલાને નિષ્ફળ કર્યો. આ દરમિયાન ૭ પાકિસ્તાની ઘૂસણખોરો માર્યા ગયા. આ ઘૂસણખોરોમાં ૨ થી ૩ પાકિસ્તાની આર્મીના જવાન સામેલ હતા. આ ઘટના જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લાના કૃષ્ણા ઘાટી સેક્ટરમાં ઘટી. સૂત્રોના જણાવ્યાં મુજબ પાકિસ્તાની ઘૂસણખોરો કુખ્યાત બોર્ડર એક્શન ટીમની મદદથી ભારતના જવાનો પર ઘાત લગાવીને હુમલો કરવા માંગતા હતા. બોર્ડર એક્શન ટીમ ન્ઝ પર છૂપાઈને હુમલો કરવા માટે ટ્રેઈન કરાયેલી છે.

### મોનિટરી પોલિસી કમિટીના બેઠકમાં નિર્ણય

## આરબીઆઈએ રેપો રેટમાં ૦.૨૫%નો ઘટાડો કર્યો

**આ પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩થી રેપો રેટને ૬.૫% પર સ્થિર રાખવામાં આવ્યો છે જેમાં કોઈ ફેરફાર કરાયા નહોતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



ભારતીય રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મોનિટરી પોલિસી કમિટીએ રેપો રેટ અંગે મોટો નિર્ણય લીધો છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ માહિતી આપતાં કહ્યું કે આરબીઆઈ રેપો રેટમાં ૦.૨૫% ટકાનો ઘટાડો કરી રહી છે. એટલે કે હવે રેપો રેટ ઘટીને ૬.૫૦%થી ૬.૨૫% થઈ જશે. આ પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩થી રેપો રેટને ૬.૫% પર સ્થિર રાખવામાં આવ્યો છે જેમાં કોઈ ફેરફાર કરાયા નહોતા. છેલ્લે ૨૦૨૦માં કોરોના મહામારી વખતે રેપો રેટમાં ઘટાડો કરાયો હતો પણ તેના પછી ધીમે ધીમે તેને વધારીને ૬.૫૦% કરી દેવાયો હતો. જો કોઈએ ૨૦ લાખ રૂપિયાની હોમ લોન લીધી હોય અને લોન પર વ્યાજ ૮.૫ ટકા હોય અને મુદત ૨૦ વર્ષ માટે હોય, તો EMI ૧૭,૩૫૬ રૂપિયા હશે.

## ૧૦૪ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સમાંથી દરેકની કહાની અત્યંત દર્દનાક

### નાગપુરના રહેવાસી હરપ્રીત સિંહ લલિયાએ દાવો કર્યો કે, તેમને પરત લાવતા સમયે હાથકડી પહેરાવવામાં આવી હતી

। (એજન્સી) નાગપુર, તા.૭ ।



ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકા તેમના દેશમાં પાછા મોકલી રહ્યું છે. આ અંતર્ગત બુધવારે એરફોર્સનું એક વિમાન ૧૦૪ ભારતીયોને લઈને અમૃતસર પહોંચ્યું હતું. અમેરિકાથી પરત ફરેલા ભારતીયોની કહાની ખૂબ જ દર્દનાક છે. તેમજ તમામને હાથ-પગ બાંધીને લાવવામાં આવતા હોબાળો મચી ગયો છે. નાગપુરના રહેવાસી હરપ્રીત સિંહ લલિયાએ દાવો કર્યો કે, તેમને પરત લાવતા સમયે હાથકડી પહેરાવવામાં આવી હતી અને પગમાં સાંકળો બાંધીને પ્લેનમાં બેસાડવામાં આવ્યા હતા. લલિયાએ ગુરુવારે કહ્યું કે, તેનું સપનું કેનેડા જવાનું હતું, પરંતુ એજન્ટની ભૂલથી તેનું સપનું તૂટી ગયું. તેમણે એ પણ જણાવ્યું કે, બેંકો અને સંબંધીઓ પાસેથી લીધેલા ૫૦ લાખ રૂપિયા ડુબી ગયા છે, આ સિવાય અમેરિકા પહોંચવા માટે ખૂબ જ મુશ્કેલ રસ્તો પસાર કરવો પડ્યો અને દરેક પગલા પર મનમાં ડર હતો.

લલિયાએ વધુમાં કહ્યું કે, હું કેનેડાના વિઝા પર ગયો હતો. મેં ૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નવી દિલ્હીથી મારી સફર શરૂ કરી હતી. બીજે દિવસે અબુ ધાબીથી બીજી ફ્લાઈટ હતી, પરંતુ મને તેમાં ચઢવા દેવામાં આવ્યો નહીં, જ્યારબાદ હું દિલ્હી પરત ફર્યો અને ત્યાં આઠ દિવસ રહ્યો. પછી મને ઈજિપ્તની કાહિરા માટે ફ્લાઈટમાં બેસાડવામાં આવ્યો, જ્યાંથી સ્પેન થઈને કેનેડાના મોન્ટ્રીયલ જવાનું હતું.

લલિયાએ જણાવ્યું કે, ચાર દિવસ સ્પેનમાં રહ્યા પછી તેમને ગ્વાટેમાલા મોકલવામાં આવ્યો, ત્યાંથી તે નિકારાગુઆ પછી હોન્ડુરાસ અને મેક્સિકો બાદ અમેરિકાની બોર્ડર ગયો. તેમણે દાવો કર્યો કે, મારે કુલ ૪૯.૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે, જે મેં બેંકો પાસેથી લોન લીધી હતી તથા મિત્રો અને સંબંધીઓ પાસેથી લીધા હતા. હું કેનેડાના વિઝા પર ગયો હતો અને તે દેશમાં કામ કરવા માંગતો હતો, પરંતુ મારા એજન્ટની ભૂલને કારણે મારે આ પીડા સહન કરવી પડી. હરપ્રીત સિંહે કહ્યું કે, આ સમયગાળા દરમિયાન ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. મેક્સિકોમાં માફિયાઓએ પકડી લીધો અને ૧૦ દિવસ સુધી બંધક બનાવી રાખ્યો.

### પશ્ચિમ બંગાળમાં ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ, ચાર લોકોના મોત નિપજ્યા

। કોલકાતા, તા.૭ ।

પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના કલ્યાણી વિસ્તારમાં આવેલી એક ફટાકડા ફેક્ટરીમાં શુક્રવારે (૭ ફેબ્રુઆરી) બપોરે ભયંકર વિસ્ફોટ થયો, જેમાં ચાર લોકોના મોત થઈ ગયા. વિસ્ફોટ બાદ આગ લાગી ગઈ, જેમાં આખી ફેક્ટરી બળીને ખાખ થઈ ગઈ. અધિકારીઓના અનુસાર, વિસ્ફોટ બાદ ઘટના સ્થળે બચાવ દળની ટીમ પહોંચી અને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું. દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોને કલ્યાણીના જેએનએમ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

## સેન્સેક્સ ૭૭,૮૬૦.૧૯ પર ૧૯૭.૯૭ ઘટાડા ઉપર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

આજે શેરબજાર ફરી દબાણનો સામનો કરી રહ્યું છે. બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સ અને નિફ્ટીમાં લાલાશ જોવા મળી, જે ધીમે ધીમે વધુ ઘેરી બનતી ગઈ. બજાર બંધ થયું ત્યારે સેન્સેક્સ ૭૭,૮૬૦.૧૯ પર ૧૯૭.૯૭ ઘટાડા પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪૩.૪૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૫૫૯ પર બંધ થયો હતો. રિઝર્વ બેંકે લગભગ પાંચ વર્ષ પછી રેપો રેટમાં ઘટાડો કર્યો છે, પરંતુ આ જાહેરાત પણ બજારનો મૂડ બદલવામાં નિષ્ફળ ગઈ. બપોરે ૨ વાગ્યા સુધીમાં, BSE સેન્સેક્સ ૫૦૦ થી વધુ પોઈન્ટ અને NSE નિફ્ટી ૧૫૦ થી વધુ પોઈન્ટ ઘટ્યો હતો. જોકે, બાદમાં બજારમાં થોડી રિકવરી જોવા મળી. RBI દ્વારા રેપો રેટ ઘટાડાની જાહેરાત બાદ PSU બેંકિંગ ઈન્ડેક્સ નબળો પડ્યો છે. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સ ૧.૭૪% ઘટ્યો છે. હકીકતમાં, સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વ્યાજ દર ઘટાડવાથી બેંકોની કમાણી પર અસર પડે છે. આ ભાવનાને કારણે બેંકિંગ ઈન્ડેક્સ નબળો પડ્યો છે. સમાચાર લખતી વખતે, SBI (૨.૩૯%), BoB (૧.૭૭%), BoI (૧.૯૫%) અને PNB (૦.૬૯%) જેવા શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## અમેરિકા બાદ હવે આર્જેન્ટિના પણ 'WHO'માંથી વિદાય લેશે

। (એજન્સી) બ્યુનોસ આયર્સ, તા.૭ ।

અમેરિકા બાદ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિએ પણ વિશ્વ આરોગ્ય સંસ્થા (હુ)માંથી બહાર નીકળી જવાની જાહેરાત કરી છે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવીયર મીલેઈના પ્રવક્તા દ્વારા જારી કરાયેલાં નિવેદન અનુસાર, સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા સાથેના ગંભીર મતભેદોના કારણે આ નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યાના બીજા જ દિવસે એટલે કે અગાઉ ૨૧ જાન્યુઆરીના રોજ 'હુ'માંથી અમેરિકાનું નામ પાછું ખેંચી લેવાનો આદેશ જારી કર્યો હતો. અમેરિકા બાદ વધુ એક દેશ દ્વારા સભ્ય પદેથી ખસી જવાના નિર્ણયને કારણે વૈશ્વિક આરોગ્ય ક્ષેત્રે વ્યાપક સહકારને મોટી અસર થશે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિના પ્રવક્તા મેન્યુઅલ એડોર્નીએ જણાવ્યું હતું કે, આરોગ્ય સંચાલન અંગે ખાસ કરીને કોરોના દરમિયાન વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે સર્જાયેલા ગંભીર મતભેદોને પગલે આ નિર્ણય લેવાની ફરજ પડી છે. 'હુ'નું વાર્ષિક બજેટ અંદાજે ૬.૯ અબજ ડોલર છે, જેની સામે હાલમાં આર્જેન્ટિના તેને આશરે ૮ મિલિયન જેટલું ભંડોળ આપે છે.

**પવિત્ર સ્નાન કરીને અર્ઘ્ય અર્પણ કર્યું**

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિવેણી સંગમ ખાતે સ્નાન કર્યું

### મુખ્યમંત્રીએ સવારે પ્રયાગરાજ પહોંચીને સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પુજન, દર્શન અને આરતી કર્યા હતા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૭ ।



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા હતા પ્રયાગરાજ મહાકુંભ. લંબે હનુમાન મંદિરમાં કરી ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવી. ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરીને અર્ઘ્ય અર્પણ કર્યુ. કરોડો ભક્તોના શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર પ્રયાગરાજમાં યોજાયેલા કુંભ મેળામાં કુંભ સ્નાન માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગુજરાતમાંથી પણ આ મેળામાં વિશાળ સંખ્યામાં જતા યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન દ્વારા ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલીયનની મુલાકાત પણ મુખ્યમંત્રીએ લીધી હતી.

મુખ્યમંત્રીએ શુક્રવારે સવારે પ્રયાગરાજ પહોંચીને સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પુજન, દર્શન અને આરતી કર્યા હતા અને સૌના સુખ સમૃદ્ધિ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વની સરકારે પ્રયાગરાજ આવતા યાત્રીઓ માટે કરેલી વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને સફાઈ-સ્વચ્છતાનું ધ્યાન રાખવા સાથે યાત્રિકોને કુંભ સ્નાન માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ છે તેમ પણ જણાવ્યું હતું.



અદાણી પરિવારમાં ગૂંજ્યા શરણાઈના સુર, જીત અદાણી અને દીવા શાહ લગ્નગ્રંથિએ જોડાયા.

## ૬ થી વધુ યુવતીને પ્રેમજાળમાં ફસાવનાર વિધર્મી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના માનવ તસ્કરી વિરોધી એકમે એક એઈડ્સ સંક્રમિત યુવકની ધરપકડ કરી છે. આરોપી યુવક એઈડ્સથી પીડિત હોવાની જાણ હોવા છતાં, ૧૦ મહિના પહેલા એક સગીરને પ્રેમ જાળમાં ફસાવીને ભાગી ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, ૧૦ વર્ષથી એઈડ્સથી સંક્રમિત હોવા છતાં, આરોપીએ છેલ્લા ૧૨ વર્ષમાં અલગ અલગ સમયે ૬ થી વધુ છોકરીઓને પ્રેમ જાળમાં ફસાવીને તેમનું શોષણ કર્યું છે. અપહરણ બળાત્કારના કેસમાં પકડાયેલા વિધર્મી યુવકની કરતૂત સામે આવી છે. મહિલાઓ સાથે પ્રેમના બહાને સંબંધ રાખી એઈડ્સ સંક્રમિત કરવાનું પ્લાનીંગ હતું. વિધર્મી યુવક એઈડ્સ સંક્રમિત હોવા છતાં સગીરા સાથે સંબંધ રાખ્યો હતો. માર્ચ ૨૦૨૪માં ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરી ફરાર વિધર્મી થયો હતો. વર્ષ ૨૦૧૯થી એઈડ્સ સંક્રમિત હોવાનું જાણવા છતાં શારિરીક સંબંધ રાખ્યા હતા. તેને માત્ર એક સગીરા નહીં પરંતુ ૩ યુવતીઓ અને સગીરા સાથે સંબંધ રાખ્યા હતા. વિધર્મી યુવકની પૂછપરછ દરમિયાન તેની આ હકીકત સામે આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે ૨૨ માર્ચ, ૨૦૨૪ ના રોજ, અમદાવાદના અસારવામાં તેના પરિવાર સાથે એક સામાજિક કાર્યક્રમમાં આવેલી સગીરા રાત્રે ૮ વાગ્યે અચાનક ગાયબ થઈ ગઈ હતી.

## હિંમતનગરમાં ગેસ સિલેન્ડર લીકેજ થતા ૬ લોકો દાઝ્યા

। (એજન્સી) હિંમતનગર, તા.૭ ।

હિંમતનગરના હુસેની ચોકમાં આવેલ એક ફ્રાય સેન્ટરના રસોડામાં ગુરૂવારે સાંજના સુમારે અચાનક ગેસ સિલેન્ડર લીકેજ થવાને કારણે આગ ભભૂકી ઉઠી હતી. જેને લઈ ફ્રાય સેન્ટરના પાછળના ભાગે આવેલ રસોડામાં ધડાકો થતા અંદર રખાયેલ સામાન વેરવિખેર થઇ ગયો હતો. તો બીજી તરફ આગ લાગવાને કારણે દાઝેલા ૬ જણા બુમો પાડતા બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ તરત જ હિંમતનગર ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવાઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ જવાયા હતા. આ અંગે સિવિલના ઈન્ચાર્જ આરએમઓ ડાં. વિપુલ જાનીના જણાવ્યા મુજબ હિંમતનગરના હુસેની ચોકમાં આવેલ બેગમ ફ્રાય સેન્ટરમાં ગુરૂવારે સાંજના પાંચેક વાગ્યાના સુમારે રસોડા વિભાગમાં રખાયેલ રાધંણ ગેસના એક સિલેન્ડરની પાઈપ લીકેજ થઇ હતી. જેથી રૂમમાં ગેસ પ્રસરી ગયો હતો. દરમિયાન અજાણતાથી રસોડામાં રહેલ એક શખ્સે ગેસની સગડી સળગાવતાની સાથે આખુ રસોડુ આગમાં લપેટાઈ ગયુ હતુ. દરમિયાન રસોડામાં કામ કરતા ૬ જણા અંદાજે ૧૦ ટકાથી ૬૫ ટકા સુધી દાઝી જતા તમામને ગંભીર હાલતમાં સારવાર માટે હિંમતનગર સિવિલના તત્કાલ સારવાર કેન્દ્રમાં લવાયા હતા.

# અમદાવાદ ખાતે રાજયકક્ષાના મિલેટ મહોત્સવમાં મિલેટ વેચાણ કમ પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ જમાવશે આકર્ષણ

### ૧૦૫ જેટલાં સ્ટોલ્સ પર મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક ખેતી પ્રોડક્ટ્સ સહિત વિવિધ ખેત ઉત્પાદન અને અન્ય પેદાશોનું થશે પ્રદર્શન અને વેચાણ

। અમદાવાદ, તા.૭ ।

રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાં ૮મી અને ૯મી ફેબ્રુઆરીના રોજ બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' યોજાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતેથી રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવશે, જ્યારે મિલેટ મહોત્સવના સમાપન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે.

અમદાવાદ ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં અમદાવાદ શહેર જિલ્લા સહિત રાજ્યભરમાંથી મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો સહિત ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓ ભાગ લેશે.

બે દિવસીય મિલેટ મહોત્સવમાં વિવિધ પ્રકારના પરિસંવાદો, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મિલેટ વેચાણ કમ પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ મુલાકાતીઓમાં અનેરૂ આકર્ષણ જમાવશે. ૧૦૫ જેટલાં પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક ખેતી પ્રોડક્ટ્સ સહિત વિવિધ ખેત ઉત્પાદનો અને અન્ય પેદાશો જોવા અને ખરીદવા મળશે.

પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના મિલેટ આધારિત સ્નેક્સ, મીઠાઈ, મિલેટ ફ્લોર, શરબત, રેડી ટુ ઈટ મિલેટ પ્રોડક્ટ્સ, મિલેટ બિસ્કીટ્સ, ખાખરા, મમરા, કુકીઝ, પાપડી, મિલેટ નૂડલ્સ, પાસ્તા, ઉપમા, પૌઆ, પાપડ, દલિયા ઓર્ગેનિક મિલેટ, મિલેટ ફિંગર જેવા ઉત્પાદનો અને ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ રહેશે.

વધુમાં, ૨૫ જેટલાં લાઈવ ફૂડ સ્ટોલ્સ પરથી મુલાકાતીઓને મિલેટની અનેકવિધ વાનગીઓ જેવી કે, મિલેટ ઢોકળાં, થેપલાં, ખીચું, ભેળ, ચાટ, ઢોસા, ઈડલી, સૂપ, ગુલાબજાંબુ, લાડું, કઢી, પુરી, નાચોઝ, ચિપ્સ, બ્રાઉની, ક્રિસ્પી મિલેટ, ભાખરી, હાંડવો, પાણીપુરી, ખાખરા, સુખડી, લાપસી, ખીચડી, રોટલા, પાપડ, સેવ મમરા, ચવાણું, લિટલ મિલેટ, ફોક્સટેલ મિલેટ, બાન્યાર્ડ મિલેટ, વફલ્સ, મોમોઝ, મફીન્સ, પફ વગેરેનો આસ્વાદ માણવા મળશે.

રાજ્ય સરકારના કૃષિ અને બાગાયત સહિતના વિવિધ વિભાગો તથા તેમની સાથે સંકળાયેલી સંસ્થાઓ પણ પોતાના સ્ટોલ્સ દ્વારા મુલાકાતીઓને મિલેટ ઉત્પાદન સહિત પ્રાકૃતિક કૃષિ અને બાગાયતી પાકો સહિતના વિષયો પર માર્ગદર્શન પૂરું પાડશે.

### ટ્રાફિકની સમસ્યા ઘટશે

## AMC દ્વારા ૫ નવા બ્રિજ અને ૭ ફ્લાયઓવરનું આયોજન

### ટ્રાફિકની સમસ્યાના નીરાકરણ કરવા માટે એક મહત્વપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

AMC દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા માટે ૫ નવા બ્રિજ બનાવવાનું આયોજન અને ૭ સ્થળો પર મોટા ફ્લાય ઓવર અને એલિવેટેડ કોરિડોર બનાવવાની શકયતા તપાસવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નીરાકરણ કરવા માટે એક મહત્વપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૫ નવા બ્રિજ બનાવવામાં આવશે, જ્યારે અન્ય ૭ સ્થળો પર ફ્લાયઓવર અને એલિવેટેડ કોરિડોર બનાવવાની શક્યતાઓ તપાસવામાં આવશે.

શહેરમાં ૫ નવા બ્રિજ બનાવવાનું આયોજન

- ઈસ્કોન જંક્શન પર ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ઓવરબ્રિજ બનાવવામાં આવશે.
- ચાંદલોડિયા સિલ્વર સ્ટાર ચાર રસ્તા ખાતે ૮૦ કરોડ રૂપિયાના ખર્ચે બ્રિજ બનાવવાનું આયોજન
- રાજપથ રંગોલી રોડ પર ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે અંડર પાસ બનાવવાનું આયોજન
- પંચવટી સર્કલ પર ૯૦ કરોડ રૂપિયાના ખર્ચે ફ્લાય ઓવરબ્રિજ બનાવવાનું આયોજન
- પીરાણાથી પિપડજ જવા માટે ૪૫ કરોડ રૂપિયાના ખર્ચે માઈનોર બ્રિજ બનાવવાનું આયોજન

આ સિવાય અન્ય ૭ સ્થળો પર વિશાળ ફ્લાય ઓવર અને એલિવેટેડ કોરિડોર બનાવવાની શકયતા પણ તપાસવામાં આવશે. જે આ પ્રમાણે છે –

- IIM જંક્શન મ્ઈજીને સમાંતર સેકન્ડ લેવલ બ્રિજ (ડબલ ડેકર બ્રિજ)
- શ્યામલથી SG હાઈવે, ઈસ્કોનથી બોપલ વકીલ સાહેબ બ્રિજ થઈને ઘુમા સુધી એલિવેટેડ કોરિડોર
- નહેરુનગરથી SG હાઈવે સુધી એલિવેટેડ કોરિડોર
- પાલડી જંક્શન પર ફિઝીબિલિટી સર્વેની કામગીરી
- નરોડા દહેગામ જંક્શન પર સેકન્ડ લેવલ ફ્લાય ઓવરબ્રિજ સર્વેની કામગીરી
- ઓઢવ-કઠવાડા રિંગ રોડ જંક્શન પર સેકન્ડ લેવલ બ્રિજ સર્વેની કામગીરી

આ ઉપરાંત, શહેરના અન્ય ૭ સ્થળો પર મોટા ફ્લાયઓવર અને એલિવેટેડ કોરિડોર બનાવવાની શક્યતા તપાસવામાં આવશે, જેથી ટ્રાફિકની સમસ્યાને વધુ અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય. અમદાવાદ શહેરની વધતી જતી વસ્તી અને વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખીને આ યોજના ખૂબ જ મહત્વપૂર્ણ છે. નવા બ્રિજ અને ફ્લાયઓવર બનવાથી શહેરના નાગરિકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે, તેમજ શહેરના વિકાસને પણ વેગ મળશે.

### CCTVની મદદથી ૨૩૭૭૯૧ ચલણ ઈશ્યું કરાયા છે

## અમદાવાદમાં હેલ્મેટ, સીટ બેલ્ટ અને નો પાર્કિંગના નિયમ ભંગ સામે કડક કાર્યવાહી

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ શહેરમાં ૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધીમાં ટ્રાફિક પોલીસે ૩૫૩૦૧૨ કેસ કરી અધધધ દંડ વસૂલ્યો છે. મહત્વનું છે કે આ દરમ્યાન CCTVની મદદથી ૨૩૭૭૯૧ ચલણ ઈશ્યું કરાયા છે.અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરેલા આંકડા મુજબ, ૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધીમાં ૩,૫૩,૦૧૨ કેસ કરવામાં આવ્યા છે અને રૂ. ૨૨ કરોડ ૮૧ લાખ ૨૪ હજાર ૯૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો છે. દંડના મુખ્ય કેસો

- હેલ્મેટ ન પહેરવા: ૨,૪૭,૨૩૮ કેસ, દંડ – ૧૨.૩૬ કરોડ
- નો પાર્કિંગ: ૪૬,૮૭૪ કેસ, દંડ – ૨ કરોડ ૬૯ લાખ ૬૫ હજાર
- ઓવર સ્પીડ: ૧૦,૩૯૧ કેસ, દંડ – ૨ કરોડ ૩૪ લાખ ૭૯ હજાર
- રોંગ સાઈડ ડ્રાઈવિંગ: ૨૨,૯૩૦ કેસ, દંડ – ૩ કરોડ ૮૮ લાખ ૮૯ હજાર

**CCTV ચલણ વિગતો**

CCTVની મદદથી ૨,૩૭,૭૯૧ ચલણ ઈશ્યું કરાયા, ૮,૭૬૫ ચલણ કોર્ટમાં રદ કરાયા અને રૂ. ૬૦ લાખનું કલેક્શન થયું.

**અન્ય મહત્વના દંડ કેસ**

- સીટ બેલ્ટ: ૭,૬૯૧ કેસ, દંડ – ૩૮.૪૫ લાખ
- વાહન ચલાવવા સમયે મોબાઈલ વપરાશ: ૧,૭૨૫ કેસ, દંડ – ૮.૭૪ લાખ
- ત્રણ સવારી: ૬,૭૧૯ કેસ, દંડ – ૬.૭૧ લાખ
- ઓટો રિક્ષા ડ્રાઈવર સીટ પર મુસાફર બેસાડવો: ૧,૭૮૪ કેસ, દંડ – ૧૦.૨૯ લાખ
- ડાર્ક ફિલ્મ: ૧,૫૧૪ કેસ, દંડ – ૮.૬૧ લાખ
- સિગ્નલ ભંગ: ૫,૩૦૭ કેસ, દંડ – ૩૬.૯૬ લાખ

**વર્ષ ૨૦૨૪ના કુલ કેસ**

ટ્રાફિક પોલીસે ૨૦૨૪માં કુલ ૧૮,૬૪,૪૦૯ કેસ કરી, રૂ. ૧૨૬ કરોડ ૭૨ લાખ ૧૩ હજાર ૨૦૦ નો દંડ વસૂલ્યો.

- હેલ્મેટ: ૧૦,૦૬,૦૭૨ કેસ, દંડ – ૫૦.૩૦ કરોડ
- નો પાર્કિંગ: ૨,૫૨,૪૩૪ કેસ, દંડ – ૧૩.૭૨ કરોડ
- CCTV દ્વારા ૯,૫૧,૮૬૭ ચલણ ઈશ્યુ, ૧,૦૪,૧૪૭ ચલણ કોર્ટમાંથી રદ
- કોર્ટમાં રદ થયેલા ચલણ માટે ૮.૬૮ કરોડનું કલેક્શન

## ખાદ્ય તેલની દુકાનમાં સેન્ટ્રલ GST વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા

। (એજન્સી) પંચમહાલ, તા.૭ ।

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં સ્ટેશન રોડ પાસે આવેલી એક ખાદ્ય તેલની દુકાનમાં સેન્ટ્રલ GST વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. ભરત મહેતા નામના વેપ ારીની માલિકીની આ દુકાનમાં ૪ સભ્યોની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, પંચમહાલ ગોધરામા સેંટ્રલ GST વિભાગે દરોડા પાડ્યા છે. સ્ટેશન રોડ છ પાસે આવેલી ખાદ્ય તેલની દુકાનમા દરોડા કરવામાં આવ્યા છે.

ભરત મહેતા નામના વેપારીના ત્યા ચાર(૪) સભ્યોની ટીમે તપાસ હાથ ધરી છે. વેપારીને ત્યા શંકાસ્પદ વહેવારો સામે આવવાની શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ વ્યવહારો સામે આવવાની શક્યતાને પગલે આ દરોડા પાડવામાં આવ્યા છે. GST વિભાગની ટીમ દ્વારા લેપટોપ સહિતના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે, તેમજ બિલ બુક, સ્ટોક રજિસ્ટર અને અન્ય જરૂરી દસ્તાવેજોની પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દરોડા દરમિયાન વેપારીના હિસાબો અને દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે, જેથી કોઈ ગેરરીતિ જણાય તો તેના પર યોગ્ય કાર્યવાહી કરી શકાય છે. હાલમાં તપાસ ચાલુ છે અને વધુ વિગતો તપાસ પૂર્ણ થયા બાદ માહિતી મળશે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારા થશે

### આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે કલમ-૫૩ હેઠળ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડવામાં આવ્યો હતો

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની રચના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩ હેઠળ કરવામાં આવ્યો છે. આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે કલમ-૫૩ હેઠળ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડવામાં આવ્યો હતો. જોકે, તેમાં જરૂર જણાયે વખતો-વખત સુધારો પણ કરવામાં આવ્યો હતો. તેમા છતાં ઘણીબધી જોગવાઈઓની સ્પષ્ટતા ન હોવાના કારણે નામદાર હાઈકોર્ટ તેમજ ટ્રીબ્યુનલમાં સરકાર પક્ષે બચાવની યોગ્ય કાર્યવાહી થઈ શકતી નથી તેમજ બિનજરૂરી ગૂંચવણ ઉભી થતી હતી. આ ગૂંચવણના કારણે કેસનો સમયસર નિકાલ નહતો થતો અને સરકાર પક્ષે નાણાંકીય ભારણ વધતું. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં સુધારો કરવા માટે સમિતિની રચના કરવાની જરૂરત જણાઈ છે.

આ પણ વાંચો: યુવતીની છેડતી બાદ ઠપકો આપવા ગયેલા પિતાની હત્યાના કેસમાં યુવકને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારો કરવા માટે અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ સ્થાને નીચે મુજબના સમિતિના સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

**સમિતિની કાર્ય સંબંધિત શરતો:**

- સમિતિનું મુખ્ય મથક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા અધ્યક્ષ નક્કી કરે તે મુજબનું રહેશે.
- સમિતિની બેઠકનું આયોજન દર ૧૪ દિવસે કરવાનું રહેશે.
- સમિતિએ તેનો અહેવાલ ત્રણ માસના સમયગાળા સુધીમાં સરકારને રજૂ કરવાનો રહેશે.
- સમિતિ ઈચ્છા અનુસાર અથવા જરૂર જણાયે આમંત્રિત સભ્યોને બોલાવી શકશે અને આમંત્રિત સભ્યોના અભિપ્રાય લઈ શકાશે.

### જૈન આચાર્ય પૂજ્યશ્રી લોકેશજીએ દીક્ષાર્થી ચેતનજીને અભિનવ જૈન દીક્ષા આપીને 'મુની અનંતકુમાર જી' નામ આપ્યું

# મહાવીર સ્વામીજીના અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ; આ પાંચ સિદ્ધાંતો માનવતા અને વિશ્વ કલ્યાણનો આધાર છે : શ્રી આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ ।

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક, અમદાવાદમાં આયોજિત 'ભગવાન મહાવીર દર્શનથી પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન' વિષયક રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં રાજ્યપાલ શ્રી આચાર્યવ્રતજીએ કહ્યું કે, મહાવીર સ્વામીજીએ આત્માની ઉન્નતિ માટે આપેલા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ; આ પાંચ સિદ્ધાંતોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ છે. એટલું જ નહીં, દરેક દેશમાં, દરેક પરિસ્થિતિમાં અને દરેક સમયે સમાનરૂપે અપનાવી શકાય એ પ્રકારે આ સિદ્ધાંતો સાર્વભૌમિક છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વર્તમાન સમયમાં ભગવાન મહાવીર સ્વામીજીના પાંચ સિદ્ધાંતોના પાલનની અનિવાર્યતા સમજાવતાં કહ્યું હતું કે, સમાજમાં જે ગુણ હંમેશા માટે ટકી શકે અને સૌને સ્વીકાર્ય હોય એ ધર્મ છે, બાકી અધર્મ છે. અહિંસાનું આચરણ ધર્મ છે જ્યારે હિંસા અધર્મ છે. એ પ્રકારે સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ધર્મ છે. તેનાથી વિપરીત અસત્ય, સ્તેય અને પરિગ્રહ અધર્મ છે.

જે વ્યક્તિના વિચારો મહાન છે, જેને પોતાની ઈન્દ્રિયો, વાણી અને વર્તન પર સંયમ છે, જે હંમેશાં અનુશાસનપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરે છે એવી વ્યક્તિઓ સમાજની સાચી પૂજી છે. એમ કહીને





રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, કઠોર તપશ્ચર્યા કરીને ભગવાન મહાવીર સ્વામીજીએ મનુષ્ય જીવનના કલ્યાણ માટે જે પાંચ સિદ્ધાંતો આપ્યા છે તે માનવતા, કરુણા, દયા અને પ્રેમ સ્વરૂપે જૈન મુનિઓ અને વિવિધ ધર્મ-સંપ્રદાયોના સંતોના માધ્યમથી સમાજ સુધી પહોંચી રહ્યા છે. આ સિદ્ધાંતો સમસ્ત માનવતા અને વિશ્વ કલ્યાણનો આધાર છે.

અહિંસા વિશ્વભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સંસ્થાપક પૂજ્ય આચાર્ય લોકેશજી વિશ્વ શાંતિ માટે વિશ્વવ્યાપી જન આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે. એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય આચાર્ય લોકેશજીનું ચિંતન અને વિચારો હંમેશાં વ્યાપક અને ઉદાર રહ્યા છે. આખા વિશ્વને પોતાનો પરિવાર માનતા આવા સંત-મુનિ સાચા અર્થમાં સમસ્ત સમાજને જોડવાનું કામ કરી રહ્યા છે.

જૈન આચાર્ય શ્રી લોકેશજીએ સ્વામિનારાયણ ગુરુકુળ-એસજીવીપી, છારોડીના પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી, દિગંબર જૈન પરંપરાના મંત્ર ચિકિત્સક પૂજ્ય યોગભૂષણજી મહારાજ અને શ્વેતાંબર સ્થાનકવાસી પરંપરાના યોગ મનીષી પૂજ્ય વિવેક મુનિજી મહારાજના સાનિધ્યમાં અભિનવ જૈન દીક્ષા મહોત્સવ અંતર્ગત દીક્ષાર્થી શ્રી ચેતનજીને દીક્ષા આપીને તેમને મુની અનંતકુમાર જી એવું નામ આપ્યું હતું. આચાર્ય લોકેશજી દ્વારા અપાયેલી આ પહેલી દીક્ષા છે. રાજ્યપાલશ્રીએ દીક્ષા પ્રાપ્ત કરનાર મુની અનંતકુમાર અને આચાર્ય લોકોશજીને શુભકામનાઓ પાઠવીને કહ્યું કે, મુની અનંતકુમારે આ માર્ગ પસંદ કરીને યુવા પેઢીને પ્રેરણા આપી છે.

આ અવસરે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, આપણે કદાચ બે રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધ ન અટકાવી શકીએ, પરંતુ આપણા વૃદ્ધ મા-બાપને પ્રેમ અને સન્માનપૂર્વક આપણી સાથે રાખી તો શકીએ જ. વૃદ્ધાશ્રમોની વધી રહેલી સંખ્યા પ્રત્યે પારાવાર પીડા અને વેદના વ્યક્ત કરતાં શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, સમાજના સારા કાર્યોમાં એવી જ વ્યક્તિ કે પરિવારનું દાન સ્વીકારવું જોઈએ કે જે પોતાના માતા-પિતાને પોતાની સાથે પ્રેમપૂર્વક સાચવે છે. તેમણે એમ પણ કહ્યું કે, ગુજરાત પોલીસ વૃદ્ધાશ્રમોમાં રહેતા મા-બાપના સંતાનોને સમજાવીને પરિવારોમાં મેળાપ થાય તેવા પ્રયત્નો પણ કરી રહી છે.

આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિને ગૌરવપૂર્ણ ગણાવી તેમણે કહ્યું હતું કે, ધર્મરક્ષકની સાથે શાસનરક્ષકની ઉપસ્થિતિ આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની કાર્યશૈલી યુવાઓને પ્રેરિત કરનારી છે. ખેડૂતોનું જીવન બદલી લોકોના સ્વાસ્થ્ય સુધારવાનું કાર્ય રાજ્યપાલશ્રી કરી રહ્યા છે.

શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, જૈન આચાર્ય શ્રી લોકેશજીએ સમાજના ઉત્થાન માટે ભગીરથ કાર્ય કર્યું છે. જીવદયા અને વિવિધ દુષણો દૂર કરવા આચાર્યશ્રીએ અનેક કાર્યો કર્યા. અહિંસા વિશ્વ ભારતી કેન્દ્ર આવનારા દિવસોમાં સમાજ માટે એક મોડેલ સેન્ટર બનશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ કહ્યું હતું કે, જૈન સમાજ અહિંસક અને શાંતિપ્રિય છે. લોકકલ્યાણના કામોમાં જૈન સમાજ હંમેશા અગ્રેસર રહ્યો છે. લોકેશજીએ અભિનવ જૈન દીક્ષા મહોત્સવ વિશે વિસ્તૃત માહિતી આપી હતી તથા તેના મહત્વ વિશે સમજાવ્યું હતું. જૈન ધર્મ અને તેના મહિમા વિશે પણ તેમણે વિશેષ સમજણ આપી હતી.

આ પ્રસંગે પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય વિવેક મુની મહારાજ, પૂજ્ય યોગભૂષણ મહારાજ તથા દિક્ષાર્થી ચેતનજીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે જૈન ધર્મના વિવિધ જૈનાચાર્યશ્રીઓ, ધારાસભ્ય શ્રી કૌશિક જૈન, ધારાસભ્ય શ્રી દર્શનાબેન વાઘેલા તથા મોટી સંખ્યામાં જૈન સમાજના અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨





નવી દિલ્હીમાં ઈન્ડિયન ડિફેન્સ એકાઉન્ટ્સ સર્વિસ (૨૦૨૨ અને ૨૦૨૩ બેચ)ના પ્રોબેશનર્સ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહને મળ્યા.

## ન્યૂઝ બ્રિફ

### એચ-૧બી વિઝા માટે સાત માર્ચથી નોંધણી શરૂ થશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકામાં ગેરકાયદેસર લોકો પર ગેરકાયદેસર ડિપોર્ટેશનનો કોરડો વીંઝાઇ રહ્યો છે ત્યારે તેની વચ્ચે એચ-૧બી વિઝા પર મર્યાદાની નોંધણી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સાત માર્ચથી શરૂ થશે અને ૨૪ માર્ચે પૂર્ણ થશે. આ વર્ષે એચ-૧બી વિઝા અરજીઓને સ્પોન્સર કરતી કંપનીઓને ઇ-રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે વધુ ફી ચુકવવી પડશે તેવો અહેવાલ છે. ફી વધારા બાદ આ વર્ષની ફી લાભાર્થીદીઠર ૫ ૧૨૫ ડોલર છે. જે ગત વર્ષની ૧૦ ડોલરની ફી કરતાં વધુ છે. એચ-૧બી વિઝા કાર્યક્રમની અખંડિતા વધારવા માટે અગાઉની અમેરિકાની સરકાર દ્વારા આ પ્રયાસો હાથ ધરાયા હતા. આ લાભાર્થી કેન્દ્રિત અભિગમ પહેલા નોંધણી અને લોટરી પ્રક્રિયા માટે ઉપયોગમાં લેવાયો હતો. હવે તે ૨૦૨૬માં પણ આગળ ધપાવવામાંઆવશે. એકઅહેવાલમુજબ યુએસ સિટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વિસિઝ (યુએસસીઆઈએસ)ને એચ-૧બીની ૮૫,૦૦૦થી વધુ નોંધણી મળશે. જે વાર્ષિક મર્યાદાથી વધુ છે. એ પછી યુએસસીઆઈએસ વાર્ષિત ૬૫,૦૦૦ની મર્યાદાને પહોંચી વળવા માટે પૂરતા લાભાર્થીઓને પસંદ કરવા માટે નોંધણી અવધિના અંતે લોટરી સિસ્ટમ મુજબ પ્રક્રિયા હાથ ધરશે.

### પાક.ને ચોમાસા સિવાય સતલજ-બિયાસનું પાણી અપાતું નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે નદીના પાણી અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સંસદમાં જણાવ્યું કે, ચોમાસા જેવા કેટલાક દુર્લભ કિસ્સાઓ સિવાય ભારત સામાન્ય પરિસ્થિતિઓમાં સતલજ અને બિયાસ નદીઓનું પાણી પાકિસ્તાનને આપતું નથી. કેન્દ્રીય જળ શક્તિ રાજ્યમંત્રી રાજભૂષણ ચૌધરીએ આ મામલે લોકસભામાં લેખિત જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે માત્ર ચોમાસા દરમિયાન જ્યારે ભારે વરસાદને કારણે જળાશયોનું પાણીનું સ્તર વધે છે, ત્યારે સતલજ અને બિયાસ નદીઓનું પાણી પાકિસ્તાનને આપવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, આવી પરિસ્થિતિ અપવાદરૂપ પરિસ્થિતિઓમાં અથવા ટૂંકા ગાળાના ચોમાસા દરમિયાન ઊભી થઈ શકે છે જ્યારે ડેમો દ્વારા સંગ્રહિત પાણીનું સ્તર ખૂબ વધી થઈ જાય છે અને ડેમની સલામતી માટે પાણી છોડવાની જરૂર પડે છે.

#### અમેરિકાના સંખ્યાબંધ શહેરોમાં વિરોધ પ્રદર્શન

# ડોનાલ્ડ ટ્રમ્પ-મસ્કની વિવાદિત નીતિઓ વિરુદ્ધ અમેરિકામાં ઠેરઠેર વિરોધ પ્રદર્શન

### જુદી જુદી વેબસાઇટ, સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર લોકોએ સરકાર વિરુદ્ધ પગલાં લેવાની હાકલ કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિવિધ વિવાદાસ્પદ નિર્ણયો વિરુદ્ધ અમેરિકાના સંખ્યાબંધ શહેરોમાં લોકજુવાળ ફાટી નીકળ્યો છે અને ટ્રમ્પ અને તેમના સલાહકાર ઉદ્યોગપતિ ઈલોન મસ્કની વિવાદાસ્પદ નીતિઓ અને પગલાંઓનો વિરોધ કરવા દેશના અનેક શહેરોમાં લોકોએ વિરોધ પ્રદર્શન અને રેલીઓનું આયોજન કર્યુ હતું. આ પ્રદર્શનકારીઓએ ગેરકાયદે ઘૂસી આવેલા ઈમિગ્રન્ટને તગેડી મૂકવાના અને ટ્રાન્સજેન્ડર લોકોના અધિકારો પાછા ખેંચી લેવાના તથા ગાઝા પટ્ટીમાંથી સ્થાનિક લોકોનો તાકાતના જોરે બળજબરીપૂર્વક તગેડી મૂકવાના નિર્ણયોનો સખત વિરોધ કરી રહ્યા છે. જુદી જુદી વેબસાઈટ, સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર લોકોએ સરકાર વિરુદ્ધ પગલાં લેવાની હાકલ કરી હતી, ફિલાડેલ્ફિયા ઉપરાંત કેલિફોર્નિયા, મિનેસોટા, મિશિગન, ટેક્સાસ, વિસ્કોન્સીન



ઇન્ડિયાના જેવા રાજ્યોના પાટનગરોમાં હજારો લોકોએ વિરોધ પ્રદર્શનો અને રેલીઓનું આયોજન કરીને ટ્રમ્પ અને મસ્કના નિર્ણયોનો તીવ્ર વિરોધ નોંધાવ્યો હતો. જુદી જુદી વેબસાઈટ, સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર લોકોએ સરકાર વિરુદ્ધ પગલાં લેવાની હાકલ કરી હતી પ્રદર્શનકારીઓએ ટ્રમ્પ અ મસ્કની મજાક ઉડાવતા અને ટીકા અને આલોચના કરતાં લખાણો ધરાવતા પ્લેકાર્ડ હાથમાં રાખીને વિરોધ નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પ્રમુખ ટ્રમ્પે પોતાની સરકારમાં ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિસિયન્સી (સરકારી કર્મચારીઓની કાર્યક્ષમતા ચકાસતો વિભાગ) નામનો એક નવો વિભાગ ઉભો કર્યો છે અને તેની સંપૂર્ણ જવાબદારી ઈલોન મસ્કને સોંપાઇ છે. યાદ રહે મસ્ક પોતે કર્મચારીઓની કાર્યક્ષમતા વિશે ખુબ કટ્ટરવાદી વલણ ધરાવે છે. ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાતાની સાથે લીધેલા કેટલાંક વિવાદાસ્પદ નિર્ણયોની જાહેરાત થઈ તે સાથે જ તેમની વિરુદ્ધ સમગ્ર અમેરિકામાં ઓનલાઈન વિરોધ શરૂ થઈ ગયો હતો અને આ વિરોધ ધીમે ધીમે ઉગ્ર સ્વરૂપ પકડતો ગયો. ટ્રમ્પના નિર્ણયોનો વિરોધ કરવા લોકોએ એક પદ્ધતિસરની ઝૂંબેશ ચલાવી હતી જેમાં ચળવળનો સમાવેશ થાય છે, જેનો અર્થ એમ થાય છે કે ૫૦ વિરોધ પ્રદર્શન, ૫૦ રાજ્યો અને ૧ દિવસ. જુદી જુદી વેબસાઇટ સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર લોકોએ સરકાર વિરુદ્ધ પગલાં લેવાની હાકલ કરી હતી.

#### કોઈપણ ભોગે ભારતથી અલગ કરવાનો સંકલ્પ લીધો

# આતંકવાદી હાફિઝના પુત્ર તાલ્હાએ પાકિસ્તાનમાં ભારત સામે ઝેર ઓક્યું

### લાહોરમાં કાશ્મીર એકતા દિવસે નિમિત્તે યોજાયેલી રેલીમાં તાલ્હાએ જેલમાં પૂરાયેલા પોતાના પિતાની મુક્તિની માગણી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

૨૦૦૮માં મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદના પુત્ર હાફિઝ તાલ્હા સઈદે પાકિસ્તાનનામાં ભારત સામે ઝેર ઓક્યું છે. લાહોરમાં કાશ્મીર એકતા દિવસે નિમિત્તે યોજાયેલી રેલીમાં તાલ્હાએ જેલમાં પૂરાયેલા પોતાના પિતાની મુક્તિની માગણી કરી હતી અને કોઈપણ ભોગે 'કાશ્મીરને ભારતમાંથી આઝાદી અપાવવા'નું એલાન કર્યું હતું. પાકિસ્તાનમાં દર વર્ષે કાશ્મીર એકતા દિવસ ઉજવાય છે. આ દિવસે યોજાયેલી રેલીમાં તાલ્હાએ કાશ્મીર અને ભારત વિરોધી રાગ આલાપ્યો હતો. તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વ્યક્તિગત નિશાન સાધ્યું હતું અને વડાપ્રધાનને શૈતાન ગણાવ્યા હતા. તાલ્હાએ કહ્યું હતું કે, હું મોદીને ચેતવણી આપુ છું કે, કાશ્મીર મુસ્લિમોનું છે અને અમે તમારી પાસેથી કાશ્મીર



પાછું લઈને ઝંપીશું. કાશ્મીર પાકિસ્તાન મુસ્લિમ ભારતનો ભાગ બનશે. તાલ્હાએ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો બચાવ કર્યો હતો. આ આતંકવાદી સંગઠનના નેજા હેઠળ જ તાલ્હાના પિતાએ હાફિઝ સઈદે ૨૦૦૮માં મુંબઈમાં આતંકવાદી હુમલા કર્યા હતા. અમેરિકા અને યુનાઈટેડ નેશન્સ સહિત સમગ્ર વિશ્વમાં લશ્કર-એ-તૈયબાને આતંકવાદી સંગઠન જાહેર કરાયું છે ત્યારે તાલ્હાએ આ સંગઠન પરના પ્રતિબંધોને પ્રોપગેન્ડા ગણાવ્યા હતા. તાલ્હાએ પોતાના પિતાની કેદની કાયદેસરતા સામે સવાલ ઊઠાવ્યા હતા અને પાકિસ્તાની સરકાર સમક્ષ હાફિઝને જેલમાંથી છોડવા માગણી કરી હતી.હાફિઝ સઈદ ગુનેગાર ન હોવા છતાં જેલમાં શા માટે સબડી રહ્યા છે? તેવો સવાલ પૂછીને તાલ્હાએ પાકિસ્તાન સરકારને ન્યાય કરવા કહ્યું હતું. આ રેલીમાં સેંકડો આતંકવાદી સમર્થકોએ ભાગ લીધો હતો. તાલ્હાની માગણીના સમર્થનમાં તેમણે હાફિઝ સઈદ અને આતંકવાદી સંગઠન જમાત-ઉદ-દાવાના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. હાફિઝ સઈદે આતંકવાદ ફેલાવવા માટે લશ્કર-એ તૈયબા અને જમાત-ઉદ-દાવાની સ્થાપના કરી હતી. ભારતમાં આતંકવાદી હુમલા કરવા તેણે આ સંગઠનનોનો ઉપયોગ કર્યો હતો. ૨૬/૧૧ના મુંબઈ હુમલામાં ૧૬૦ વ્યક્તિનાં મોત નીપજ્યા હતાં.

#### લા'નીનાની અસર હોવા છતાં

# સમગ્ર વિશ્વમાં જાન્યુઆરી મહિનો ગરમ અને હૂંફાળો રહ્યો : EU

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।


આ વર્ષે ક્લાઈમેટની ખુબ જાણીતી લા'નીના પેટર્નની અસર પ્રવર્તતી હોવા છતાં સમગ્ર વિશ્વમાં જાન્યુઆરી મહિનો ગરમ અને હૂંફાળો રહ્યો હોવાનું નોંધાયું છે એમ યુરોપિયન યુનિયનની ક્લાઈમેટ એજન્સીએ ગુરૂવારે કહ્યું હતું. લા'નીના ક્લાઈમેટની એવી એક પેટર્ન છે જેની અસર પ્રવર્તતી હોય ત્યારે ઠંડીનું પ્રમાણ ખુબ વધી જતું હોય છે.ગત ૨૦૨૪નું વર્ષ પણ આપણા ગ્રહ માટે સૌથી ગરમ વર્ષ તરીકે નોંધાયું હતું, અને સમગ્ર વિશ્વમાં સરેરાશ તાપમાનમાં પણ ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો. કોપરનિક્સ ક્લાઈમેટ ચેઈન્જ એજન્સીના જણાવ્યા અનુસાર જાન્યુઆરીના મહિના દરમ્યાન સરેરાશ તાપમાન ૧૩.૨૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે ગત વર્ષના સમાન સમયગાળા દરમ્યાન નોંધાયેલા તાપમાનની તુલનાએ ૦.૦૯ ડિગ્રી સેલ્સિયસ વધુ હતુ અને ૧૯૯૧થી ૨૦૨૦ સુધીના સરેરાશ તાપમાનની તુલનાએ ૦.૭૯ ડિગ્રી સેલ્સિયસ વધુ હતુંહવામાન વૈજ્ઞાનિકોએ એ પણ નોંધ કરી હતી કે જાન્યુઆરી મહિનામાં પૃથ્વીનું તાપમાન પ્રિ-ઈન્ડસ્ટ્રિયલ લેવલ (ઉદ્યોગોના કારણે વધતા તાપમાનને બાદ કરતા) કરતાં પણ ૧.૭૫ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. તે ઉપરાંત છેલ્લા ૧૯ પૈકીના ૧૮ મહિના દરમ્યાન વૈશ્વિક સરેરાશ તાપમાન પણ ૧.૫ ડિગ્રી સેલ્સિયસ કરતાં ઉપર રહ્યું હતું.કોપરનિક્સ ક્લાઈમેટ ચેઈન્જ એજન્સીના ડે. ડાયરેક્ટર સામંથા બર્ગિઝે કહ્યું હતું કે જાન્યુઆરી વધુ આશ્ચર્ય આપતો અન્ય એક મહિના છે જે દરમ્યાન છેલ્લાં બે વર્ષથી દેખરેખ રખાતા તાપમાનના આંકડાઓમાં સતત રેકોર્ડ નોંધાવતો મહિનો રહ્યો હતો.

#### કેબિનેટની બેઠકમાં નવા કાયદાની ચર્ચા હાથ ધરાય એવી શક્યતા

# નવા ઇન્કમ ટેક્સ એક્ટની ભાષા કરદાતા સમજી શકે તેવી સરળ હશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

આગામી સપ્તાહે સંસદમાં રજૂ થનારા નવા ઈન્કમ ટેક્સ બિલમાં કોઈ જોગવાઈઓ, લાંબા લાંબા વાક્યો કે સ્પષ્ટતાઓ હશે નહી એમ કેન્દ્રિય નાણાં સચિવ તુહિનકાંત પાંડેએ ગુરૂવારે કહ્યું હતું. નવા બિલમાં નવા કોઈ ટેક્સ ઝીંકાયા નથી કે કરદાતાઓ ઉપર વધુ કોઈ ભારણ પણ વધારાયું નથી છ દાયકા જૂના ઈન્કમ ટેક્સના કાયદાનું સ્થાન લેનાર આ નવા બિલની શુક્રવારે મળનારી કેબિનેટની મિટિંગમાં ચર્ચા થવાની શક્યતા છે એમ સૂત્રોએ કહ્યું હતું. નાણાં મંત્રી નિર્મલા સીતારમન દ્વારા બજેટ ભાષણમાં જેની જાહેરાત કરી હતી તે નવા બીલમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં નક્કી કરાયેલાં ઈન્કમ ટેક્સના દર અને તેના જુદા જુદા સ્લેબમાં




કરાયેલાં ફેરફારો અને ટીડીએસની જોગવાઈઓને સમાવી લેવામાં આવશે અમે જે રીતે કાયદાની ભાષા લખીએ છીએ તે હાલ ચાલી રહેલાં પરિવર્તનનો એક હિસ્સો હશે. આ નવા કાયદામાં તમને લાંબા લાંબા વાક્યો, વિવિધ પ્રકારની જોગવાઈઓ અ ખુલાસા કે સ્પષ્ટતા જોવા મળશે નહીં એમ પાંડેએ પીએચડી ચેમ્બર દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું. નવા બિલમાં નવા કોઈ ટેક્સ ઝીંકાયા નથી કે કરદાતાઓ ઉપર વધુ કોઈ ભારણ પણ વધારાયું નથી, તે ઉપરાંત નીતિમાં પણ અમે કોઈ ફેરફાર કરી રહ્યા નથી, કેમ કે અમે કોઈ અસ્થિર સ્થિતિનું સર્જન કરવા ઈચ્છતા નથી એમ પાંડેએ કહ્યું હતું. નવો કાયદો એકદમ સાદો અને સરળ હશે. વાસ્તવમાં કાયદો એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ક કે વકીલોના વિવિધ અર્થઘટનો માટે ના હોવો જોઈએ, અસલમાં સામાન્ય નાગરિકો સમજે એવો કાયદો હોવો જોઈએ એમ પાંડેએ ઉમેર્યુ હતું.ઈન્કમ ટેક્સ એક્ટ-૧૯૬૧નુ સ્થાન લેનારા આ નવા કાયદાનો મુસદ્દો છેલ્લાં છ મહિના દરમ્યાન તૈયાર કરાયો હતો, કરદાતાઓ તેને આસાનીથી સમજી શકે તે માટે તેની ભાષાને શક્ય હોય એટલી સાદી અને સરળ બનાવવાનો પ્રયાસ કરાયો છે એમ પાંડેએ કહ્યું હતું.

## દીપિકા પાદુકોણ સહિત ૧૨ સેલિબ્રિટી બાળકોને ટિપ્સ આપશે

### આ કાર્યક્રમ ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે યોજાશે, આ પરીક્ષા પે ચર્ચાની ૮મી આવૃત્તિ છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દર વર્ષની જેમ આ વર્ષે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'પરીક્ષા પે ચર્ચા' કરશે. આ કાર્યક્રમ ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે યોજાશે. આ પરીક્ષા પે ચર્ચાની ૮મી આવૃત્તિ છે. આ વખતે કાર્યક્રમ ખાસ બનવાનો છે, કારણ કે આ વખતે બોલિવૂડ અભિનૈત્રી દીપિકા પાદુકોણથી લઈને મેરિ કોમ સુધી ઘણી મોટી હસ્તીઓ પણ ભાગ લેવાની છે. સમગ્ર કાર્યક્રમ ૮ ભાગોમાં વહેંચાયેલો હશે. જેમાં કુલ ૧૨ સેલિબ્રિટી બાળકોના પ્રશ્નોના જવાબ આપીને તણાવ દૂર કરવા માટે ટિપ્સ આપશે. પરીક્ષા પે ચર્ચામાં ભાગ લેનારા સેલિબ્રિટીઓમાં ફિલ્મ અભિનેત્રી દીપિકા પાદુકોણ, ૬ વખતની વિશ્વ ચેમ્પિયન બોક્સર મેરી કોમ અને આધ્યાત્મિક નેતા સદગુરુ જગ્ગી વાસુદેવનો સમાવેશ થાય છે. અન્ય સેલિબ્રિટીઓમાં પેરાલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ અવની લેખારા, સેલિબ્રિટી ન્યુટ્રિશનિસ્ટ રુજુતા દિવેકર, સોનાલી સભરવાલ, હેલ્થ ઈન્ફ્લુઅન્સર ફૂડ ફાર્મર, અભિનેતા વિક્રાંત મેસી અને ભૂમિ પેડનેકર, યુટ્યુબર્સ ટેકનિકલ ગુરુ જી અને રાધિકા ગુપ્તા પણ સામેલ છે.કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયોમાં કહ્યું કે દેશવાસીઓના સમર્થનથી 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય બન્યો છે. તેમણે કહ્યું કે આ વર્ષે પહેલીવાર દેશભરમાંથી ૩.૫ કરોડ વાલીઓ, બાળકો અને શિક્ષકોએ નોંધણી કરાવી છે. આ આંકડો ઘણો મોટો છે અને પીએમના આ કાર્યક્રમની લોકપ્રિયતા દર્શાવે છે.

#### કેજરીવાલે બોલાવી બેઠક । આપણો કોઈપણ માણસ નહી તૂટે : અરવિંદ કેજરીવાલ

# દિલ્હીમાં ચૂંટણી પરિણામ પહેલા જ પક્ષપલટુઓના ડરથી AAPમાં ખળભળાટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પહેલા આજે આમ આદમી પાર્ટી (AAP)ના તમામ ૭૦ ઉમેદવારોની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં પરિણામના દિવસે પાર્ટીની તૈયારીઓ અને ધારાસભ્યો પરના પક્ષપલટુના આરોપો પર ચર્ચા કરવામાં આવશે. AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ભાજપ પર ધારાસભ્યોને ખરીદવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું છે કે AAP ધારાસભ્યો અને ઉમેદવારોને ૧૫ કરોડ રૂપિયાની લાંચ આપવામાં આવી છે.

અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, કેટલીક એજન્સીઓ બતાવી રહી છે કે ભાજપને ૫૫થી વધુ બેઠક મળી રહી છે. છેલ્લા બે કલાકમાં, અમારા ૧૬ ઉમેદવારોને કોલ કરીને કહેવામાં આવ્યું છે કે AAP છોડીને અમારી પાર્ટીમાં સાથે આવી જાઓ, મંત્રી બનાવી દેશું અને દરેકને રૂ.૧૫ કરોડ આપવામાં આવશે. જો તેમના પક્ષને ૫૫થી વધુ બેઠકો



મળી રહી છે તો પછી અમારા ઉમેદવારોને બોલાવવાની શું જરૂર છે, દેખીતી રીતે, કેટલાક ઉમેદવારોને હરાવી શકાય તેવું વાતાવરણ ઉભું કરવા માટે જ આ નકલી સર્વે કરવામાં આવ્યા છે, પરંતુ આ લોકોના કારણે અમારો એકપણ માણસ નહિ તૂટે. દિલ્હીના સીએમ આતિશીએ સોશિયલ મીડિયા પર લખ્યું, જો ભાજપને ૫૦થી વધુ બેઠકો મળી રહી છે, તો પછી તેઓ કેમ અમારા ઉમેદવારોનો સંપર્ક કરીને તેમને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે? આ દર્શાવે છે કે એક્ઝિટ પોલ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને તોડવાનું ષડયંત્ર છે!

આતિશીએ સુલતાનપુર માજરાથી AAP ઉમેદવાર અને દિલ્હીના મંત્રી મુકેશ અહલાવતની પોસ્ટને રિપોસ્ટ કરી. જેમાં કહેવામાં આવ્યું છે કે, હું મરી જઈશ, મને કાપી નાખવામાં આવે તો પણ હું અરવિંદ કેજરીવાલજીનો ક્યારેય સાથ નહીં છોડું. મને આ નંબર પરથી ફોન આવ્યો. તેમણે કહ્યું કે અમારી સરકાર બની રહી છે, તમને મંત્રી બનાવીશું અને ૧૫ કરોડ રૂપિયા પણ આપીશું. AAPને છોડી દો. હું તેમને કહેવા માંગુ છું કે કેજરીવાલજી અને AAP પાર્ટીએ મને જે સન્માન આપ્યું છે, હું મરતા સુધી મારી પાર્ટી નહીં છોડું.

## તંત્રી લેખ...

# શિવરાત્રિના ત્રિવેણી સ્નાન પૂર્વે સંતો જતાં રહેશે

મહાકુંભ મેળાનું સત્તાવર સમાપન ૨૬ ફેબ્રુઆરીના રોજ થઈ રહ્યું છે, પરંતુ તે પહેલાં કુંભને આગવી ઓળખ આપનારા ૧૩ અખાડાઓ વિદાય લઈ રહ્યા છે. પ્રસ્થાનના સંકેત સ્વરૂપે સૌ પ્રથમ તેમણે પોતાની ધજાઓ નીચી કરી દીધી છે. સોમવારે વસંત પંચમીના રોજ છેલ્લા અમૃત સ્નાન પછી અખાડાઓએ પરંપરાગત કઢી પકોડાના ભોજન સાથે મહાકુંભ નગરીમાંથી નીકળવાની તૈયારી કરી લીધી છે. ૧૩ અલગ-અલગ અખાડામાં શિવ ઉપાસક સન્યાસી, રામ-કૃષ્ણને સમર્પિત બૈરાગી અને પંચદેવના સાધક ઉદાસીનનો સમાવેશ થાય છે. મંગળવારે બૈરાગી પંથના પંચ નિર્વાણી અખાડામાંથી ૧૫૦ જેટલા સંતો રવાના થયા હતા અને હવે માત્ર ૩૬ રહ્યા છે. અયોધ્યાના હનુમાનગઢી સાથે સંકળાયેલા પંચ નિર્વાણી અખાડાના મહંત રાજુદાસે કહ્યું હતું કે, પરંપરાગત ઉજવણી સાથે ઠાકુરજીને ખસેડ્યા પછી ધર્મ ધ્વજા નીચી કરી દેવામાં આવશે. જૂના અખાડાના નાગા સાધુઓ ૭ ફેબ્રુઆરીથી પ્રસ્થાન કરશે. જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા મહંત નારાયણ ગિરિએ જણાવ્યું હતું કે, તેમના અખાડા દ્વારા ૭મીએ કઢી પકોડાના મિજબાની યોજાશે. ત્યાર પછી સંતો દ્વારા ધર્મ ધ્વજા નીચી કરીને પ્રસ્થાન કરવામાં આવશે. તેઓ સૌ પ્રથમ કાશી જશે અને મહાશિવરાત્રિ સુધી રોકાશે. કાશી વિશ્વનાથના સાનિધ્યમાં 'મસાને કી હોલી' ઉજવશે, પવિત્ર ગંગા નદીમાં ડૂબકી મારશે અને ત્યાર બાદ પોતાના મઠ-આશ્રમમાં જશે. આવાહન અને પંચ અગ્નિ અખાડાના સાધુ-સંતો પણ આ પ્રક્રિયા કરશે અને જ્યાંથી આવ્યા હતા તે સ્થળે એટલે કે કાશ્મીર જશે. બૈરાગી અખાડાના કેટલાક સંતો અયોધ્યા અને વૃંદાવન પણ જશે. ઉદાસીન અને નિર્મલ અખાડાના સભ્યો પંજાબના આનંદપુર સાહિબ તરફ ગતિ કરશે. મહંત નારાયણ ગિરિએ જણાવ્યું હતું કે, વસંત પંચમી પછી માઘી પૂર્ણિમા અને મહાશિવરાત્રિએ સંગમ સ્થળે ડૂબકી મારવામાં સામાન્ય શ્રદ્ધાળુઓને પ્રાથમિકતા હોય છે. તેથી આ દિવસો સુધી અખાડાના સાધુ-સંતો રોકાતા નથી.

## એઆઈ-સક્ષમ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે; ક્ષેત્રવાર ફરિયાદોનું વિશ્લેષણ આપવામાં આવ્યું

ઉપભોક્તા ફરિયાદ નિવારણ વ્યવસ્થાને વધારવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં ભારત સરકારનાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય અંતર્ગત ગ્રાહક બાબતોનાં વિભાગે એઆઈ-સક્ષમ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન (એનસીએચ) વ્યવસ્થા અપનાવી છે. જે ફરિયાદોનાં ક્ષેત્રવાર વિશ્લેષણ પ્રદાન કરે છે.

આ નવી ટેકનોલોજી-સંચાલિત અભિગમનો ઉદ્દેશ ગ્રાહકોના પ્રશ્નો, ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં તેના નિરાકરણની ઝડપ અને કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે.

આ તકનીકી પ્રગતિના પરિણામે એનસીએચ દ્વારા પ્રાપ્ત કોલ્સની સંખ્યા દસ ગણી વધી ગઈ છે. જે ડિસેમ્બર ૨૦૧૫માં ૧૨,૫૫૩થી વધીને ડિસેમ્બર ૨૦૨૪માં ૧,૫૫,૧૩૮ થઈ ગઈ છે. આ ઝડપી વૃદ્ધિ હેલ્પલાઈનમાં ગ્રાહકોના વધતા આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. એ જ રીતે દર મહિને નોંધાયેલી ફરિયાદોની સરેરાશ સંખ્યા ૨૦૧૭માં ૩૭,૦૬૨થી વધીને ૨૦૨૪માં ૧,૧૨,૪૬૮ થઈ ગઈ છે. ડિજિટલ રીતે નોંધાયેલી ફરિયાદોની માસિક સરેરાશ સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૪,૮૯૩થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં (ડિસેમ્બર ૨૦૨૪ સુધી) ૬૮,૮૩૧ થઈ ગઈ છે.

આથી, વિભાગ તમામ ગ્રાહકોને ઉત્પાદનો અથવા સેવાઓ સાથે સંબંધિત કોઈપણ ફરિયાદો માટે ટોલ-ફ્રી નંબર ૧૯૧૫ અથવા વેબ પોર્ટલ **https://consumerhelpline.gov.in/user/signup.ph** દ્વારા સુલભ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈનનો ઉપયોગ કરે. જેથી તે સુનિશ્ચિત થઈ શકે કે તેમના અવાજને સાંભળવામાં આવે છે અને તેમની સમસ્યાઓનું તાત્કાલિક અને અસરકારક રીતે નિરાકરણ આવે તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

**NCH**એ ફરિયાદના નિકાલના સમયમાં નોંધપાત્ર ઘટાડો જોયો છે. વર્ષ ૨૦૨૪માં ગ્રાહકોની ફરિયાદોના નિકાલનો દર ઘટીને ૪૮ દિવસનો થઈ ગયો હતો, જે વર્ષ ૨૦૨૩માં ૬૬.૨૬ દિવસ હતો. આ ઠરાવના સમયમાં નોંધપાત્ર સુધારાને પ્રતિબિંબિત કરે છે. જે એ સુનિશ્ચિત કરે છે કે ઉપભોક્તાની ચિંતાઓનું તાત્કાલિક સમાધાન કરવું જોઈએ.

આ વ્યૂહરચનાના મુખ્ય ઘટકમાં સૌથી વધુ ફરિયાદો ધરાવતી કંપનીઓને સક્રિયપણે ઓળખવા અને 'કન્વર્ઝન પાર્ટનર્સ'માં સ્થાનાંતરિત કરવાનો સમાવેશ થાય છે. એક વખત એનસીએચ સાથે 'કન્વર્ઝન પાર્ટનર' તરીકે ઓનબોર્ડિંગ કર્યા બાદ આ કંપનીઓ કે જેઓ સૌથી વધુ વણઉકેલાયેલી ગ્રાહકોની ફરિયાદો ધરાવે છે. તેમણે એનસીએચના સહયોગથી ઝડપી અને અસરકારક ફરિયાદ નિવારણને પ્રાથમિકતા આપવી જરૂરી છે. ઉપભોક્તા કલ્યાણને વધારવા અને વાજબી વેપાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનાં ઉદ્દેશ સાથે પોતાની પહેલ અંતર્ગત એનસીએચએ અત્યાર સુધીમાં ૧,૦૩૮ કન્વર્ઝન કંપનીઓનાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નને સફળતાપૂર્વક પાર કર્યું છે, જે વર્ષ ૨૦૧૭માં ૨૬૩ હતું.

આ પહેલે શરૂઆતથી જ આશાસ્પદ પરિણામો આપ્યાં છે, ખાસ કરીને કેળવણી જેવાં ક્ષેત્રોમાં જ્યાં ઉપભોક્તાની ફરિયાદોનું ઝડપી નિરાકરણ એ અગ્રતાક્રમ બની ગયું છે. એનસીએચના એઆઈ-સંચાલિત, ક્ષેત્ર-વિશિષ્ટ વિશ્લેષણ સાથે આ કન્વર્ઝન ભાગીદારો હવે ગ્રાહકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે છે. જેથી ગ્રાહકોનો વિશ્વાસ અને સંતોષ વધી શકે છે. તે ગ્રાહકો અને કંપનીઓ બંને માટે જીતની સ્થિતિ છે.

આ ચાલુ પહેલના પરિણામે ગ્રાહકોની સૌથી વધુ ફરિયાદો સાથે ઓળખાતી ઘણી મોટી કંપનીઓ હવે નેશનલ કન્ઝ્યુમર હેલ્પ લાઈનના સત્તાવાર કન્વર્ઝન ભાગીદાર બની છે. તેમના સમાવેશથી ઝડપી નિરાકરણો અને ગ્રાહકોની ફરિયાદોના નિકાલનો ઊંચો દર વધશે તેવી અપેક્ષા છે. જે આખરે દેશભરના લાખો ગ્રાહકોને લાભ આપશે. ભારત સરકારનાં ગ્રાહક બાબતોનાં વિભાગની મહત્ત્વપૂર્ણ પહેલ એનસીએચ ગ્રાહકોની ફરિયાદોનાં અસરકારક અને સમયસર નિવારણમાં પાયાનો પથ્થર સાબિત થઈ છે. પ્રિ-લિટિગેશન તબક્કે કાર્યરત આ હેલ્પલાઈને બ્રોડબેન્ડ અને ઈન્ટરનેટ, ઈ-કોમર્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ડિજિટલ પેમેન્ટ મોડ્સ, પેટ્રોલિયમ, બેંકિંગ, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, રિયલ એસ્ટેટ અને ઓટોમોબાઈલ્સ વગેરે સહિત વિવિધ ક્ષેત્રોમાં ગ્રાહકોની ફરિયાદોનું નિરાકરણ લાવવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. જેમાં ગ્રાહકોને ઔપચારિક કાનૂની કાર્યવાહીનો આશરો લેવાની જરૂર પડી નથી.

**આપણે જેને વિપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી અને જેને સંપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી**

# આ રહસ્ય અકબંધ હતું, અકબંધ છે અને અકબંધ રહેશે, કે જે નથી મળ્યું, નથી મળવાનું તે જ જોઈએ છે શા માટે ?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છે કે દુષ્ટોનો વિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે. કુંતાજી કહે છે કે, જ્યારે તમે ગોકુળમાં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી.**

અમેરિકાના બીજીવાર ચુંટાયેલા પ્રમુખ ટ્રમ્પે તેમના દેશમાં બિનકાયદેસર રીતે ઘૂસણખોરી કરી રહેતા લોકોને હાંકી કાઢવા માટે કડક હાથે કાર્યવાહી કરી રહયા છે ત્યારે ૧૦૪ ભારતીયો પણ પ્રથમ જથ્થામાં આવ્યા જેમાં ૩૩ જેટલા આપણા રાજયના છે. ટ્રેમ્પનું પગલું વખોડી કાઢવા જેવું નહીં પણ કોઈપણ રાષ્ટ્ર માટે બોધપાઠ લેવા જેવું કહેવાય. શરણાર્થી અને ઘુસણ ખોર બંને અલગ છે. આપણે ત્યાં દુ:ખ સાથે લખવું પડે છે કે ઘૂસણખોર વોટબેંકની મુડી બને છે.જે હોય તે આપણે હાથકડી પહેરાવી દીધી તેની વિરોધ છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો દુ:ખમાં જ મનુષ્યને ડહાપણ આવે છે, દુ:ખમાં જ જીવને પ્રભુ પાસે જવાનું મન થાય છે. વિપત્તિમાં જ એનું સ્મરણ થાય છે, તેથી વિપત્તિ એ સાચી સંપત્તિ છે. આપણે જેને વિપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી અને જેને સંપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી,પરંતુ પ્રભુનું વિસ્મરણ થાય એ સાચી વિપત્તિ,અને નારાયણનું સ્મરણ એ સાચી સંપત્તિ છે.

ત્યારે શ્રીકૃષ્ણ કહે છે, તમે આ શું માગો છો? ઘણા વર્ષે હવે સુખ ભોગવવાનો સમય આવ્યો છે, તોયે તમને હજુ દુ:ખ ભોગવવાની હોંશ છે?સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલા લાગે છે. કુંતાજી દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુ:ખ મારો ગુરુ છે. જે દુ:ખમાં નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુ:ખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે તેથી તેને હું મારી સંપત્તિ માનું છું.

સુખને નાખો ખાડામાં. સુખનું શું કામ છે? બલિહારી દુ:ખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે. હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે,જેથી તમારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે.

ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છેઃ ૧. વિદ્યામદ, ૨. યૌવનમદ, ૩. દ્રવ્યમદ, ૪. અધિકારમદ.

આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડે છે, ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે. તે વખતે ભૂલી જાય છે કે પ્રોફેસર છું પ્રોફેસર સાહેબ કથામાં આવે છે, ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી! ભણેલા લોકોને ભજનમાં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે?ભગવાને કહ્યું છે, આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બને છેઅને મારું અપમાન કરે છે

આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે!

મહાભારતમાં કહ્યું છે કે,સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છે કે દુષ્ટોનો વિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે. કુંતાજી કહે છે કે, જ્યારે તમે ગોકુળમાં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારું એ બાલસ્વરૂપ મારાથી હજુ ભૂલાતું નથી. એ વખતે યશોદાએ તમને બાંધ્યા હતા. તે ઝાંખી મને થઈ છે તે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય.

મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં વખાણ કરે છે. પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે.

સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે. સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે. ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવ ને નારાજ કરી શકતા નથી કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે.કુંતાજીના મહેલ માં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છે કે,શ્રીકૃષ્ણ મારાસખા છે. મારા માટે પાછા આવ્યા છે.

કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભી રહી એટલે પાછા આવ્યા છે.

દ્રૌપદી કહે, ના રે, શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી, ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે. સુભદ્રા કહે છે, તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું. એટલે મારા માટે તેઓપાછા આવ્યા છે. મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે.

પ્રભુ સર્વને વહાલો, પણ એ કોઈ એકનો નહીં. એ તો સર્વથી ન્યારો છે.શ્રીકૃષ્ણ કહે છે,હું કોઈ સગાઈ ને માનતો નથી.માત્ર પ્રેમ સગાઈમાં માનું છું. હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું. મને ભીષ્મ યાદ કરે છે.

ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે. તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે.મહાત્માઓનું મરણ મંગલમય હોય છે. સંતનો જન્મ આપણા જેવો હોય છે, તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતી નથી. પરંતુ સંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણતિથિ ઊજવાય છે. ભીષ્મપિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટા મોટા ઋષિઓ ત્યાં આવ્યા છે.

ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મપિતા પાસે જવા કહે છે. બધા બાણ ગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે.

બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે. તેમણે કાળને કહ્યું કે, હું તારો નોકર નથી. મારા શ્રીકૃષ્ણનો સેવક છું. મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે હું જરૂર આવીશ.પણ તેઓ કેમ હજુ દેખાતા નથી?મારા નારાયણઆવે તો તેમના દર્શન કરી હું પ્રાણત્યાગ કરીશ.આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે.

ભીષ્મ ધર્મરાજાને કહે, શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે.

ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા.કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી, આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યા નથી. દાદાજી, તમે બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે. આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું,ત્યારે તારી રાણીને આશીર્વાદ લેવા મોકલજે.હું અખંડ સૌભાગ્યનું વરદાન આપીશ. પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરી થશે ને! શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે,દાદા જી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજેને ભાનમુતિ કહે, ભલે, તો કાલે ડોસાને ગમે ત્યારે મળશે. પછી શ્રીકૃષ્ણે દ્રૌપદીને જગાડી, અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા.

ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી, હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાન દેખાય છે. આજે ભગવાન દ્રૌપદીના ખવાસ થઈને આવ્યા છે. દ્વારપાળે અટકાવ્યા. પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદીઅંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે, અખંડ સૌભાગ્યવતી ભવ! દ્રૌપદી બોલી, દાદાજી, તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું.

ભીષ્મ કહે,મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે,સાચા હૃદય થી નહીં.સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે? શ્રીકૃષ્ણનું જ આ કામ. ક્યાં છે એ! ભીષ્મ દોડતા બહાર આવ્યા. શ્રીકૃષ્ણને કહે,આજે તો હું આપનું ધ્યાન કરું છું, પણ અંત કાળે તમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંત કાળે મારી લાજ રાખવા આવજો તે વખતે મને લેવા આવજો! તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મ પિતાને વચન આપેલું કે હું જરૂર આવીશ. તેમને આપેલુંએ વચન સત્ય કરવા આજે દ્વારિકા નાથ પધાર્યા છે.પ્રભુની રોજ પ્રાર્થના કરજો.મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે,પણ અંત કાળે દુ:ખથી દેહનું સંધાન થાય છે તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ છે.

ભીષ્મપિતા શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છો તેવા જ ઊભા રહેજો!શ્રીકૃષ્ણ વિચારે છે કે, મને બેસવાનું પણ નહીં કહે ? પુંડલિકની સેવા મને યાદ આવે છે. તુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે. મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની તેં કદર ન કરી.મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે.રોજ પ્રાર્થના કરો કે, નાથ, મારું મરણ સુધારજો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરો અને પ્રભુને રીઝવો.

**ડાયરેક્ટર ઓફ ટેલિકોમ, રૂરલ (ગુજરાત)કે. બી. શર્મા ઉપસ્થિત રહ્યા**

# જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જિલ્લા ટેલિકોમ સમિતિની બેઠક યોજાઇ

દાહોદ જિલ્લામાં જિલ્લા સ્તરે ટેલિકોમ સંબંધિત મુદ્દાઓનો અસરકારક રીતે ઉકેલ આવે તે હેતુસર ટેલિકોમ પ્રશ્નોના નિકાલ માટે દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેકટર શ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ વિવિધ કંપનીઓના જનરલ મેનેજરશ્રીઓની સાથે બેઠક યોજવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લાની પસંડગી એસપીરેશનલ ડિસ્ટ્રિક્ટ તરીકે થતા દાહોદ જિલ્લાની નોંધ સેન્ટ્રલ લેવલે પણ કરવામાં આવતી હોય છે. આ બેઠકનો પણ મૂળ ઉદ્દેશ્ય દાહોદના છેલ્લા ગામ સુધી કોમ્યુનિકેશન થઈ રહે એ હતો. જેમાં તમામ ટેલિકોમ કંપનીઓના મેનેજરશ્રીઓ સાથે મળીને લોકો સુધી નેટવર્ક સરળતાથી ઉપલબ્ધ થઈ રહે તેવી રીતે સંબંધિત



વિભાગોએ આંતરિક સંકલન સાધીને કામગીરી કરવાની રહેશે એમ કહેતાં કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ તમામ ગામોને કવર કરવા માટેની સૂચના આપી હતી. ઉપરાંત ઉપસ્થિત તમામ કંપનીઓએ યુઝર એજન્સી તરીકે પોર્ટલ બનાવી એમાં રજીસ્ટ્રેશન કરાવવું, ટેલિકોમ કંપનીઓ પોતાની સર્વિસ છેલ્લા ગામ સુધી આપે છે કે કેમ એની પણ ચર્ચા કરવામાં આવી હતી. એઓ પોતાની કામગીરી કઈ રીતે નિભાવે છે, લોકોના નેટવર્ક ઈસ્યુને કેટલા સમયમાં સોલ્વ કરવાનો હોય છે જેવી બાબતોને વણી લેવામાં આવી હતી.

ડાયરેક્ટર ઓફ ટેલિકોમ, રૂરલ (ગુજરાત) કે. બી. શર્મા એ જણાવ્યું હતું કે, નેટવર્ક નું સૌથી મોટું કાર્ય પબ્લિક સુધી સેવા પહોંચતી કરવાનું હોય છે. આજના સમયમાં બધું ઓનલાઈન થઈ જતાં નેટ ઈસ્યુ વડે ઘણીવાર પબ્લિક અજાણ રહેતી હોય છે. આ નેટવર્ક કામગીરી વડે પબ્લિકને કઈ રીતે મદદરૂપ બનવું એ દિશામાં સહિયારી કામગીરી કરવી પડશે. સાથે આ બાબતે શાળાઓ, આંગણવાડી તેમજ કોલેજો તેમજ ગ્રામ પંચાયતને પ્રાથમિકતા આપવા જેવી અનેક બાબતો રજૂ કરવામાં આવી હતી. આ બેઠક દરમ્યાન નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી બી. એમ. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર. કે. રાઠવા, **DCF** દેવગઢ બારીયા, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ રાજ્ય, કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ પંચાયત, કા.પા.ઈજનેર સિંચાઈ વિભાગના પ્રતિનિધિશ્રી, અધિક્ષક ઈજનેરશ્રી એમ. જી. વી. સી. એલ. દાહોદ, જીસ્વાન એન્જીનીયરશ્રી દાહોદ, બી. એસ. એન. એલ. મેનેજરશ્રી, જીઓ મેનેજરશ્રી, જી. ટી. પી. એલ. મેનેજરશ્રી સહિત સંબંધિત અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રાકૃતિક ઉત્પાદનો ૧૦૦ ટકા શુદ્ધ અને રસાયણ મુક્ત હોવાથી જાગૃત નાગરિકો દ્વારા તેની માંગ વધી રહી છે**

# છરછોડા ગામના પ્રગતિશીલ ખેડૂતશ્રી ચંદુભાઈ ભાભોર દ્વારા વિવિધ ગામોમાં જઈને પ્રાકૃતિક ખેતી અંગે અપાતી તાલીમ

આદિવાસી વિસ્તાર તરીકે ઓળખાતા દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાનું અંતરિયાળ ગામ એટલે છરછોડા. આ વિસ્તારમાં એક સમયે માત્ર ખેતી દ્વારા ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ હતું. પરંતુ જ્યારથી સરકારશ્રીના બાગાયતી, ખેતીવાડી વિભાગ સહિત આત્મા પ્રોજેક્ટ દ્વારા ખડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે સરકારની વિવિધ યોજનાઓના લાભ લઈ આર્થિક રીતે સદ્ધર બનવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ત્યારથી પ્રાકૃતિક ખેતીને દાહોદ જિલ્લાના મોટાભાગના જાગૃત ખેડૂતોએ એક સફળ ખેતી તરીકે સ્વીકારી છે. પ્રાકૃતિક ખેતીમાં ખાસ કરીને ગાય આધારિત ખેતી અપનાવીને અહીંના આદિવાસી ખેડૂતો પ્રકૃતિનું રક્ષણ કરી સ્વાસ્થ્યવર્ધક ખેત પેદાશોનું ઉત્પાદન કરી રહ્યા છે. ગરબાડા તાલુકાના છરછોડા ગામના ચંદુભાઈ ભાભોર કે જેઓ પોતે વર્ષોથી પ્રાકૃતિક ખેતી અપનાવીને પોતાના પરિવાર સહિત સમાજને શુદ્ધ અનાજ, કઠોળ અને શાકભાજી પૂરી પાડી રહ્યા છે. ચંદુભાઈ ભાભોર પ્રાકૃતિક ખેતી અંગેના પોતાના અનુભવો અન્ય ખેડૂતોને સમજાવવા માટે ગરબાડા તાલુકાના વિવિધ ગામોમાં જઈને તાલીમ આપી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી વિષે વિસ્તાર પૂર્વક સમજાવતા જણાવે છે કે, ખેતીમાં ગાયના મળ-મૂત્રનો ખાતર અને જંતુનાશક તરીકે તેમજ જીવામૃત અને ઘન-જીવામૃતનો ઉપયોગ દરેક સિઝન પ્રમાણે પાક સાથે કરી શકાય છે. પ્રાકૃતિક ઉત્પાદનો ૧૦૦ ટકા શુદ્ધ અને રસાયણ મુક્ત હોવાથી જાગૃત નાગરિકો દ્વારા તેની માંગ વધી રહી છે, જેથી દરેક વસ્તુનું સારા ભાવે બજારમાં જ વેચાણ થઈ જાય છે. જેના કારણે સમય જતા આવકમાં પણ વધારો થાય છે.



# સોફી ચૌધરીએ પોતાના તાજેતરના લુક માટે મનીષ મલ્હોત્રાની સાડી પસંદ કરી

## સોફીએ પોતાના સોશિયલ મીડિયા પર ચાંદીની ચમકતી સાડીમાં પોતાની કેટલીક તસવીરો શેર કરી છે

ભૂતપૂર્વ એમટીવી વીજે અને અભિનેત્રી સોફી ચૌધરી હંમેશા પોતાના અદભુત ફેશન લુક્સથી લોકોનું ધ્યાન ખેંચી લે છે. તે ફેશનના મુખ્ય ક્ષણને કેવી રીતે સેવા આપવી તે જાણે છે, અને તેનો લેટેસ્ટ લુક તેનો પુરાવો છે. તે ચળકતી સાડીમાં દંગ રહી ગઈ હતી અને તેના ચાહકો તેના દેશી લુકથી ખુશ થઈ ગયા, જે આધુનિક શૈલી સાથે આવ્યો હતો. સોફી ચૌધરીએ પોતાના સોશિયલ મીડિયા પર ચાંદીની ચમકતી સાડીમાં પોતાની કેટલીક તસવીરો શેર કરી છે. તેણીએ પોતાની આંતરિક દેશી છોકરીને ચમકાવી છે અને તેના અદભુત બ્લાઉઝથી તેના દેખાવમાં એક આકર્ષક તત્વ ઉમેર્યું છે. આ તસવીરો શેર કરતાં તેણીએ લખ્યું છે, ''થોડી પરંપરા, ઘણી લાલચ.'' સોફીએ મનીષ મલ્હોત્રા દ્વારા બનાવેલી ક્લાસિક સિક્વિન્ડ સાડી પસંદ કરી . પેસ્ટલ બ્લુ સાડી પોતાનામાં એક માસ્ટરપીસ હતી કારણ કે તે હોલોગ્રાફિક સિલ્વર-બ્લુ સિક્વિન્સથી શણગારેલી હતી.



તેણીએ સાડીને સ્લીવલેસ હોલ્ટર-નેક પેસ્ટલ બ્લુ સિલ્ક બ્લાઉઝ સાથે જોડી દીધી. બ્લાઉઝમાં એક પ્લંગિંગ સ્વીટહાર્ટ નેકલાઈન પણ હતી જે તેના કોલરબોન્સને દેખાડતી હતી. એસેસરીઝ માટે, સોફીએ હાઈબા જ્વેલ્સના સ્ટેટમેન્ટ ડાયમંડ ડેંગલર ઈયરિંગ્સ, ડાયમંડ બ્રેસલેટ અને સોલિટેર રિંગ પસંદ કરી. આ ઝવેરાતથી તેના લુકનું બ્લાઈન્ડ એલિમેન્ટ વધ્યું. તેણીએ ગ્લેમ લુક પહેર્યો. તેણીએ દોષરહિત બેઝ અને તેના ગાલ પર ગુલાબી બ્લશનો સ્પર્શ પસંદ કર્યો. તેણીએ ચમકતા ગુલાબી સોનાના આઈશેડો અને મસ્કરાથી તેની આંખોને વ્યાખ્યાયિત કરી. તેણીએ તેના ચહેરાના ઉચ્ચ બિંદુઓ પર હાઈલાઈટર ઉમેર્યું. તેણીએ મ્યૂટ પિંક મેટ લિપ શેડથી તેના લુકને સીલ કર્યો. તેણીએ તેના વાળને મોજામાં સ્ટાઈલ કર્યા અને તેને સાઈડ-પાર્ટીશન આપ્યું.

# બેબી ડોલ એક આકર્ષક પોડકાસ્ટ રિચા ચઢ્ઢા-જયદીપ અહલાવત મુખ્ય ભૂમિકામાં

## જયદીપ નિર્દય બળવંત રાણા તરીકે છે, આ વાર્તા ન્યાય માટે એક જબરદસ્ત પીછો તરફ દોરી જાય છે

જયદીપ અહલાવતને આટલો શાનદાર કલાકાર શું બનાવે છે? ભલે તે કોઈ ખતરાખોર વિરોધી હોય કે પછી કોઈ સ્તરીય નાયક, તે અજોડ છે. ૮ ફેબ્રુઆરીએ તેનો જન્મદિવસ નજીક આવી રહ્યો છે, તે સમયે ઓડિયોબુક્સ, ફિલ્મો અને વેબ સિરીઝમાં તેના શ્રેષ્ઠ કાર્યોને ફરીથી જોવાનો સમય આવી ગયો છે. ઓડિબલ પર 'બેબી ડોલ'માં તેના અવાજથી લઈને એમેઝોન પ્રાઈમ પર 'પાતાલ લોક'માં તેના શાનદાર અભિનય સુધી, તમારી જાતને ડૂબાડી દેવા માટે સામગ્રીની કોઈ કમી નથી. અને આ વર્ષે તેની આગામી ઓડિબલ ઓરિજિનલ 'માર્વેલ' વેસ્ટલેન્ડર્સ' અને ફિલ્મ 'જ્વેલ થીફ' સાથે, રાહ જોવા માટે વધુ છે. ખલનાયકોએ પૃથ્વીના મહાન નાયકોનો નાશ કર્યાના ત્રીસ વર્ષ પછી, એક સમયનો સુપ્રસિદ્ધ હોકઆઈ (જયદીપ અહલાવત) એક ભાંગી પડેલો માણસ છે - આંધળો, કડવાશવાળો, અને પૈસા ચૂકવતા પ્રેક્ષકો માટે તેના સૌથી કાળા દિવસને ફરીથી જીવવા માટે મજબૂર. પરંતુ જ્યારે તેની અલગ થયેલી કિશોરવયની પુત્રી એશ (પ્રાજક્તા કોલી) દેખાય છે, જે પોતાના



બદલાના ભાવનાથી સળગી રહી છે, ત્યારે તે એક ઘાતક મિશનમાં પાછો ખેંચાય છે: તેના મિત્રોના મૃત્યુ માટે જવાબદાર લોકોને શોધવાનું. જેમ જેમ પિતા અને પુત્રી આ ક્રૂર માર્ગ પર નીકળે છે, તેમ તેમ જૂના ઘા ફરી ઉભરી આવે છે, અને ન્યાય માટેની લડાઈ ખૂબ જ વ્યક્તિગત બની જાય છે. આ આકર્ષક હિન્દી ઑડિબલ ઓરિજિનલમાં રોમાંચ, લાગણી અને પાવરહાઉસ પ્રદર્શનનો અનુભવ કરો! બેબી ડોલ એક આકર્ષક પોડકાસ્ટ છે જેમાં બદલાની તીવ્ર વાર્તા છે જેમાં રિચા ચઢ્ઢા અને જયદીપ અહલાવત મુખ્ય ભૂમિકામાં છે. જયદીપ અહલાવત નિર્દય બળવંત રાણા તરીકે છે, આ વાર્તા ન્યાય માટે એક જબરદસ્ત પીછો તરફ દોરી જાય છે, જે ગ્રામ્ય વિસ્તારની કાચી અને અક્ષમ્ય પૃષ્ઠભૂમિ સામે સેટ છે. જેમ જેમ બેબી મુશ્કેલીઓ સામે લડે છે, તેમ તેમ શક્તિ અને નબળાઈ વચ્ચેની રેખાઓ ઝાંખી પડી જાય છે, જે દરેક ક્ષણને તણાવપૂર્ણ અને અણધારી બનાવે છે. સ્થિતિસ્થાપકતા અને બદલાની વાર્તા, આ પોડકાસ્ટ એવા લોકો માટે સાંભળવા યોગ્ય છે જેઓ બોલ્ડ, તીવ્ર વાર્તા કહેવાનું પસંદ કરે છે.

# સૈફની ભૂતપૂર્વ પત્ની ફિલ્મો વિના કેવી રીતે વૈભવી જીવન જીવે છે

૮૦ અને ૯૦ ના દાયકાની સુપરસ્ટાર અભિનેત્રી અમૃતા સિંહ ભલે ફિલ્મોથી દૂર હોય, પરંતુ તે કોઈને કોઈ કારણોસર સમાચારમાં રહે છે. આ અભિનેત્રી ૯ ફેબ્રુઆરીએ પોતાનો ૬૭મો જન્મદિવસ ઉજવવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, અમે તમને તેમના વૈભવી જીવનનો પરિચય કરાવવા જઈ રહ્યા છીએ. બધા જાણે છે કે અમૃતા સિંહે સની દેઓલ સાથે પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૮૩માં રિલીઝ થયેલી ફિલ્મ 'બેતાબ' બંનેની પહેલી ફિલ્મ હતી. જે સુપરહિટ રહ્યું હતું. આ પછી, અમૃતાએ ક્યારેય પાછળ વળીને જોયું નહીં. પોતાની કારકિર્દીમાં, અભિનેત્રીએ 'મર્દ', 'સાહેબ', 'ચમેલી કી શાદી', 'નામ', 'ખુદગર્જ' અને 'વારિસ' જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું છે. અમૃતા સિંહે બોલિવૂડમાં એક સફળ ઓળખ બનાવી.



પરંતુ અભિનેત્રીએ પોતાના અંગત જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા. આ અભિનેત્રીનું નામ સની દેઓલ અને વિનોદ ખન્ના જેવા સ્ટાર્સ સાથે જોડાયું હતું. એવું કહેવાય છે કે અભિનેત્રીનું બંને સાથે લાંબા સમયથી અફેર હતું. પણ વાત લગ્ન સુધી પહોંચી નહીં. આ પછી, અમૃતા સિંહ પટૌડીના નાના નવાબ સૈફ અલી ખાનને ફિલ્મ 'બેખુદા'ના સેટ પર મળી. પહેલી જ મુલાકાતમાં બંને એકબીજાના પ્રેમમાં પડી ગયા. પછી બંને એક સંબંધમાં પણ બંધાયા. જોકે, તે સમયે સૈફ અલી ખાન ઈન્ડસ્ટ્રીમાં પોતાનું નામ બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. આમ છતાં, અમૃતા તેના પ્રેમમાં પડી ગઈ હતી. પછી બંનેએ ૧૯૯૧માં લગ્ન કર્યા. નવાઈની વાત એ હતી કે અમૃતા સિંહ અભિનેતા સૈફ અલી ખાન કરતા ૧૨ વર્ષ મોટી હતી. આવી સ્થિતિમાં, બંને પરિવારો પણ આ સંબંધથી ખુશ નહોતા.

# પાકિસ્તાની અભિનેતા આમિર ગિલાની સાથે કર્યા નિકાહ



'સનમ તેરી કસમ' ફિલ્મની અભિનેત્રી માવરા હુસૈને પાકિસ્તાની અભિનેતા આમિર ગિલાની સાથે લગ્ન કર્યા છે. તેમણે આ ગુપ્ત લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે, જે વાયરલ થઈ રહ્યા છે. આ લગ્ન વિશે કોઈને ખ્યાલ નહોતો.ફિલ્મ 'સનમ તેરી કસમ'થી બધાનું દિલ જીતનાર અભિનેત્રી માવરા હુસૈને ગુપ્ત રીતે લગ્ન કરી લીધા છે. તેણે લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે, જે વાયરલ થઈ રહ્યા છે. તેણે પાકિસ્તાની અભિનેતા આમિર ગિલાનીને પોતાના જીવનસાથી તરીકે પસંદ કર્યો છે.લગ્નના ફોટા શેર કરતી વખતે માવરા હુસૈને કેપ્શનમાં લખ્યું, 'અને ઉથલપાથલ વચ્ચે... મેં તમને શોધી કાઢ્યા.' બિસ્મિલ્લાહ માવરાએ પાકિસ્તાની સ્ટાર્સમાંથી એક છે જેમણે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યુ છે. તે હર્ષવર્ધન રાણે સાથે ફિલ્મ 'સનમ તેરી કસમ'માં જોવા મળી હતી. આ ફિલ્મ ભલે બોક્સ ઓફિસ પર ફ્લોપ ગઈ હોય, પરંતુ લોકોને તે ખૂબ જ ગમી. હવે તે ૭ ફેબ્રુઆરીના રોજ ફરીથી રિલીઝ થઈ રહ્યું છે.


## પૂજાએ અલ્લુ અર્જુન સાથે કરેલી ફિલ્મની ભાષા ભૂલાઈ

# પૂજાએ પોતાની તેલુગુ ફિલ્મને તમિલ ગણાવી દેતાં ટ્રોલ થઈ

## પૂજા હેગડેની ફિલ્મ 'દેવા' તાજેતરમાં જ રિલીઝ થઈ છે, જેમાં તેની સામે શાહિદ કપૂર લીડ રોલમાં છે

પૂજા હેગડેની ફિલ્મ 'દેવા' તાજેતરમાં જ રિલીઝ થઈ છે, જેમાં તેની સામે શાહિદ કપૂર લીડ રોલમાં છે. હાલ આ કોપ ડ્રામાના પ્રમોશન્સ ચાલી રહ્યા છે. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની બ્લોકબસ્ટર તેલુગુ ફિલ્મ 'અલા વૈકુંઠપુરામુલો'નો એક તમિલ ફિલ્મ તરીકે ઉલ્લેખ કર્યો હતો, તેના કારણે અલ્લુ અર્જુનના પ્રસંશકોએ પૂજાની આકરી ટીકા કરી હતી. પૂજા હેગડેએ કહ્યું, ''ખરેખર 'અલા વૈકુંઠપુરામુલો' એક તમિલ ફિલ્મ છે, તે પૅન ઈન્ડિયા ફિલ્મ નથી. પરંતુ એ ફિલ્મ હિન્દી ઓડિયન્સે પણ જોઈ હતી. મારા મતે, જો કામ સારું હોય તો એ વધુ લોકો સુધી પહોંચી જ જશે.'' પૂજા હેગડેથી ભૂલથી બોલાયેલી આ વાતના કારણે તેને ઘણી ટીકા અને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો છે. તે ફિલ્મની મૂળ ભાષા ભુલી ગઈ તેથી તેલુગુ દર્શકો નારાજ થઈ ગયા. 'અલા વૈકુંઠપુરામુલો' ત્રિવિક્રમ દ્વારા ડિરેક્ટ થઈ હતી અને પૂજાના કૅરિઅરની આ એક મહત્વની ફિલ્મ રહી છે. આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારથી પૂજાને ઘણા લોકો 'બુટ્ટા બોમ્મા' ગીતની હિરોઈન તરીકે ઓળખે છે. તેથી દર્શકો પૂજા પર વધારે ગુસ્સે થયા હતા. તેઓ હવે આ મુદ્દે પૂજા તરફથી માફીની અપેક્ષા રાખીને બેઠાં છે.





એક્ટ્રેસ કંગના રનૌત બોલિવૂડની સૌથી પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક છે

# કંગના રનૌત બની બીઝ્નેસવુમન, હિમાલયની વાદીઓમાં ખોલ્યું કાફે

અભિનેત્રી અને રાજકારણી કંગના રનૌતે મનાલીમાં પોતાનું કાફે ખોલ્યું છે. તે જ સમયે, તેમણે એક પોસ્ટ દ્વારા દીપિકા પાદુકોણને તેના વચનની યાદ અપાવી છે. કંગના રનૌત બોલિવૂડની સૌથી પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક છે. તેણીએ પોતાના જોરદાર અભિનયથી લોકોના દિલ તો જીતી લીધા છે જ, પણ હવે તે રાજકારણમાં પણ પોતાની તાકાત બતાવી રહી છે. હવે અભિનેત્રી અને રાજકારણી કંગના પણ એક બિઝનેસવુમન બની ગઈ છે. ખરેખર તેણે મનાલીની સુંદર ખીણોમાં પોતાનું કાફે ખોલ્યું છે. અભિનેત્રી પ્રેમના ખાસ દિવસ એટલે કે વેલેન્ટાઈન ડે પર આ કાફેનું ઉદ્ઘાટન કરશે. આ જાહેરાત કરતી વખતે, કંગનાએ સોશિયલ મીડિયા પર તેના નવા કાફેનો ફોટો પણ પોસ્ટ કર્યો છે. તેણે બોલિવૂડની એક ટોચની અભિનેત્રીને તેના કાફેમાં આમંત્રણ આપ્યું છે.કંગના રનૌતે બુધવારે હિમાલયમાં સ્થિત તેના નવીનતમ સાહસ, એક કાફેની જાહેરાત કરી અને તેને તેનો 'સૌથી ખાસ પ્રોજેક્ટ' પણ ગણાવ્યો. કંગનાએ ઈન્સ્ટાગ્રામ પર




ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને તેના ચાહકો સાથે કાફેની એક ઝલક પણ શેર કરી છે

પોસ્ટ કરીને તેના ચાહકો સાથે કાફેની એક ઝલક પણ શેર કરી છે. કંગનાએ એમ પણ લખ્યું, ''બાળપણનું સ્વપ્ન સાકાર થયું, હિમાલયના ખોળામાં મારું નાનું કાફે. ''ધ માઉન્ટેન સ્ટોરી'', તે એક પ્રેમકથા છે. ''ધ માઉન્ટેન સ્ટોરી'' ૧૪ ફેબ્રુઆરીએ ખુલશે. અકંગનાએ તેના કાફેની બહારની ઝલક પણ શેર કરી છે. આ સાથે તેમણે લખ્યું છે કે, ''પર્વતની ટોચ એ જગ્યા છે જ્યાં જીવનને સ્વતંત્રતાનો શુદ્ધ અર્થ મળે છે.

## આલિયા-રણબીર પાસે પણ ઘણી મિલકતો છે

# ચુલબુલી આલિયા ભટ્ટ રણબીર કપૂર કરતા પણ વધુ અમીર છે



બોલિવૂડની આ જાણીતી એક્ટ્રેસએ ૧૯ વર્ષની ઉંમરે જ કામ કરવાની શરૂઆત કરી હતી. ઘણી સુપરહિટ ફિલ્મો આપી ચૂકી છે. એક્ટિંગ અને ડાન્સ દર વખતે ફેન્સના દિલ જીતી લે છે. જોકે મોટા પ્રમાણમાં ફેન ફોલોઈંગ હોવાની સાથે લક્ઝરી લાઈફ જીવવામાં પણ કોઈનાથી ઓછી નથી.આ બોલિવૂડ એક્ટ્રેસનું નામ આલિયા ભટ્ટ છે. તેમણે પોતાની કરિયરની શરૂઆત ''સ્ટુડન્ટ ઓફ ધ યર''થી કરી હતી. આ ફિલ્મમાં તે સિદ્ધાર્થ મલ્હોત્રા અને વરુણ ધવન સાથે જોવા મળી હતી.આ ફિલ્મ પછી આલિયાએ પાછળ વળીને જોયું જ નથી અને એક પછી એક ઘણી ફિલ્મોમાં કામ કર્યું. એક્ટ્રેસને તેના ફેન્સ તરફથી ઘણો પ્રેમ મળ્યો. હવે આલિયા બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની ટોપની એક્ટ્રેસમાંની એક છે અને તે ફી પણ મોટા પ્રમાણમાં લે છે.આલિયા ભટ્ટે વર્ષ ૨૦૨૩માં ૩.૨ કરોડ રૂપિયાની રેન્જ રોવર ખરીદી હતી. તેમની પાસે BMW 7 સિરીઝની કાર પણ છે, જેની કિંમત ૧.૩ કરોડ રૂપિયા છે. આ સિવાય તેમની પાસે બીજી ઘણી કાર છે, જેની કિંમત લાખોમાં છે.આલિયા અને રણબીર પાસે પણ ઘણી મિલકતો છે. આ બંનેએ તાજેતરમાં ૨૫૦ કરોડ રૂપિયાનું ઘર પણ ખરીદ્યું છે. આ કપલ ઘણીવાર આ ઘરની આસપાસ જોવા મળે છે.એક વેબસાઈટ પ્રમાણે આલિયા ભટ્ટની કુલ સંપત્તિ ૫૫૦ કરોડ રૂપિયા છે. ફિલ્મો સાથે સાથે આલિયા જાહેરાતોમાંથી પણ સારી એવી કમાણી કરે છે. તે એડ-એ-મમ્મા ચાઈલ્ડવેર બ્રાન્ડની ફાઉન્ડર પણ છે.આલિયા અને રણબીરમાંથી કોની સંપત્તિ વધારે છે? આલિયાની કુલ સંપત્તિ રણબીર કરતાં વધુ છે. રણબીર કપૂરની કુલ સંપત્તિ ૩૪૫ કરોડ રૂપિયા છે અને આલિયાની ૫૫૦ કરોડ રૂપિયા છે. લક્ઝરી લાઈફસ્ટાઈલ જીવવાની વાત આવે ત્યારે પણ આલિયા કોઈને પણ પછાડી શકે છે. તે લાખોની કિંમતની બેગ અને ડ્રેસ પહેરેલી જોવા મળે છે.આલિયાની સોશિયલ મીડિયા પર પણ સારી ફેન ફોલોઈંગ છે. ઈન્સ્ટાગ્રામ પર ૮૬ મિલિયનથી વધુ યુઝર્સ તેને ફોલો કરે છે. આલિયાનું નામ બોલિવૂડની સૌથી વધુ કમાણી કરતી એક્ટ્રેસ લીસ્ટમાં પણ સામેલ છે.



## અન્ય લોકોએ પણ સ્ક્રીનીંગમાં ધ્યાન ખેંચ્યું

## લવયાપાના સ્ક્રીનિંગમાં સલમાન ખાન પણ પહોંચ્યો હતો

# 'લવયાપા'ના સ્ક્રીનિંગમાં ત્રણેય ખાનનો સંગમ જોવા મળ્યો

શાહરુખ અને સલમાન આમિર ખાનના દીકરા જુનૈદ ખાનની ફિલ્મ 'લવયાપા'ના સ્ક્રીનિંગમાં હાજર રહ્યા હતા. આ ફિલ્મથી જુનૈદ ખાન અને ખુશી કપૂર મોટા પડદા પર ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રોમેન્ટિક કોમેડીની રિલીઝ પહેલા, નિર્માતાઓએ છેલ્લા કેટલાક દિવસોમાં અનેક સ્ક્રીનીંગ્સ યોજી છે. જેમાં સલમાન કડક સુરક્ષા વચ્ચે પહોંચ્યો હતો. શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન બોલિવૂડના સુપરસ્ટાર છે. ત્રણેય સમકાલીન છે અને તેમની વચ્ચે ગાઢ મિત્રતા છે. ત્રણેય ખાન હંમેશા એકબીજા માટે સાથે ઉભા રહે છે. શાહરૂખ અને સલમાન આમિર ખાનના પુત્ર જુનૈદ ખાનની ફિલ્મ લવયાપાના સ્ક્રીનિંગમાં પહોંચ્યા હતા. આ ફિલ્મથી જુનૈદ ખાન અને ખુશી કપૂર મોટા પડદા પર ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રોમેન્ટિક કોમેડીની રિલીઝ પહેલા, નિર્માતાઓએ છેલ્લા કેટલાક દિવસોમાં અનેક સ્ક્રીનીંગ્સ યોજી છે. આમિર ખાન અને શ્રીદેવીની પુત્રીને પ્રોત્સાહન આપવા માટે શાહરૂખ ખાન અને સલમાન ખાન અહીં પહોંચ્યા



હતા.અહીં, કાર્યક્રમમાં ભવ્ય એન્ટ્રી કર્યા પછી, આમિર ખાને તેમના પુત્રની આગામી ફિલ્મના પ્રીમિયરમાં શાહરૂખ ખાનનું સ્વાગત કર્યું. કિંગ ખાને અહીં જુનૈદ ખાન પર ઘણો પ્રેમ વરસાવ્યો. તેણે જુનૈદ ખાનની બહેન આયરા ખાન અને તેના પતિ નુપુર શિખરેને ગળે લગાવ્યા. શાહરૂખ અને આમિરે અહીં સ્થળમાં પ્રવેશતા પહેલા ફોટોગ્રાફરો માટે સાથે પોઝ આપ્યો. કિંગ ખાન અહીં વાદળી શર્ટ અને ડિસ્ટ્રેસ્ડ ડેનિમ પેન્ટ પહેરેલો જોવા મળ્યો હતો. જ્યારે મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન સફેદ અને વાદળી શર્ટ પહેરેલા જોવા મળ્યા હતા.લવયાપાના સ્ક્રીનિંગમાં સલમાન ખાન પણ પહોંચ્યો હતો. તે આમિર ખાનને મળ્યો અને બંનેએ પાપારાઝી માટે પ્રેમથી પોઝ આપ્યા. આમિર ખાન અને સલમાન ખાને અંદાજ અપના અપનામાં સાથે કામ કર્યુ છે. અહીં આમિરે સલમાનને તેના બાળકો જુનૈદ અને આયરા સાથે પરિચય કરાવ્યો. સલમાન ખાન કડક સુરક્ષા વચ્ચે અહીં પહોંચ્યા. હંમેશની જેમ, તેમણે પોતાની હાજરીથી બધાને મંત્રમુગ્ધ કરી દીધા. સલમાને લીલો ટી-શર્ટ, વાદળી ડેનિમ પેન્ટ અને જાડા શૂઝ પહેર્યા હતા. સલમાન ખાને આમિર ખાન સાથે પોઝ આપ્યો હતો. ત્રણેય ખાન ઉપરાંત, સુહાના ખાન, અગસ્ત્ય નંદા, વેદાંગ રૈના, ઈબ્રાહિમ અલી ખાન અને અન્ય લોકોએ પણ સ્ક્રીનીંગમાં ધ્યાન ખેંચ્યું.

એસ.એસ.સી, એચ.એસ.સી. બોર્ડ પરીક્ષા | આ હેલ્પલાઇન સેવા તા.૧૭ મી માર્ચ ૨૦૨૫ સુધી કાર્યરત રહેશે

# આણંદ જિલ્લામાં બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી મૂંઝવણ અને માર્ગદર્શન તથા મનો શારીરિક પ્રશ્નોના સમાધાન માટે હેલ્પલાઇન કાર્યરત

| (માહિતી) આણંદ, તા.૭ |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૭ મી ફેબ્રુઆરી થી તા. ૧૭ મી માર્ચ ૨૦૨૫ સુધી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા યોજવામાં આવનાર છે.

આ બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલાં અને પરીક્ષા દરમિયાન કોઈપણ મૂંઝવણ હોય તો તેઓ ઘેર બેઠા ફોન દ્વારા માર્ગદર્શન મેળવી શકે તે માટે તથા વિદ્યાર્થીઓના મનો શારીરિક પ્રશ્નો ના સમાધાન માટે આણંદ, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી કામિનીબેન ત્રિવેદી દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ કાઉન્સિલરશ્રી ઓ પાસેથી માર્ગદર્શન મેળવી શકે તે માટે ટેલિફોનિક હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

આ ટેલીફોનિક હેલ્પલાઇન બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવી છે, જે તા. ૧૭ મી માર્ચ ૨૦૨૫ સુધી સવારે ૯-૦૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ખુલ્લી રહેશે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ટેલીફોનિક માર્ગદર્શન આપનાર તેમના મનોશારીરીક પ્રશ્નોના સમાધાન માટે પ્રોફેસર શ્રી સમીર પટેલ ૯૮૨૫૦ ૨૫૯૯૪, પ્રોફેસર શ્રી પંકજ સુવેરા ૯૪૨૭૩ ૮૧૯૫૨, પ્રોફેસર ડોક્ટર પલ્લવી ત્રિવેદી ૯૪૨૮૪ ૯૧૨૮૮, પ્રોફેસર ડોક્ટર જીગર જાની ૯૪૨૬૦ ૦૯૪૯૮, પ્રોફેસર ડોક્ટર હસમુખ ચાવડા ૯૫૩૭૦ ૬૩૩૨૫, પ્રોફેસર ડોક્ટર મોહસીન ૯૭૩૭૧ ૬૩૦૬૮, પ્રોફેસર ડોક્ટર સતીશ હંસપરા ૯૯૦૪૬ ૫૦૧૨૮ અને આચાર્ય શ્રી અલ્પેશ ભટ્ટ ૯૪૨૭૫ ૭૬૫૧૫ નંબર ઉપર તારીખ ૧૭ મી માર્ચ ૨૦૨૫ સુધી સવારે ૯-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા અને પરીક્ષા દરમિયાન તેમના મનમાં ઉપસ્થિત તથા પ્રશ્નોનું માર્ગદર્શન આપશે, તેમ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી આણંદ દ્વારા જણાવવામાં આવ્યું છે. વધુમાં તેમના જણાવ્યા મુજબ આણંદ જિલ્લાના વિદ્યાર્થીઓ આ ટેલીફોનિક હેલ્પલાઈન ઉપર સંપર્ક સાધી ને કોઈપણ પરીક્ષાલક્ષી મૂંઝવણ નું માર્ગદર્શન મેળવી શકશે, જેનો મહત્તમ લાભ લેવા તેમણે વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ અનુરોધ કર્યો છે.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટની રોમાંચક ફાઇનલ મેચ યોજાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ |

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં કોલેજના કાર્યકારી આચાર્ય શ્રી ડૉ. એ. આર. મોદીના માર્ગદર્શન હેઠળ ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલ મેચ રમાઈ હતી. જેમાં ડૉ. બી. એમ. ગોહીલ સાહેબ દ્વારા વિદ્યાર્થિઓને પ્રોત્સાહિત કરી સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચ એમ.એ. સેમ ૨ અને બી.એ. સેમ ૪ના વિદ્યાર્થીઓ વચ્ચે રમાઈ હતી. જેમાં એમ. એ. સેમ. ૨ ગુજરાતી વિષયની ટીમ વિજેતા બની હતી. આ મેચને નિહાળવા માટે સર્વે વિદ્યાર્થીઓ અને તમામ સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

ઝાલોદ પોલીસ સ્ટેશનમાં આદિવાસી પરિવાર દ્વારા

# સોશિયલ મીડિયા પર જાતિ વિષયક ઉચ્ચારણ કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ |

આજરોજ ૦૬-૦૨-૨૦૨૫ ગુરુવારના રોજ આદિવાસી પરિવારના અગ્રણીઓ દ્વારા સોશિયલ મીડિયા પર આદિવાસી સમાજની બહેન દીકરીઓ પર જાતિ વિષયક ઉચ્ચારણ કરી ગાળો થી સમાજને અપમાનિત કરનાર **RK.Thakor 1204** તેમજ **tamara-baap koli** નામની આઈડી વાળી વ્યક્તિ દ્વારા અભદ્ર ભાષાનો ઉપયોગ કરી તેમજ ખરાબ ભાષામાં કોમેન્ટો કરી આદિવાસી સમાજ ને અપમાનિત કરવામાં આવેલ છે તેથી આવા આપત્તિજનક કોમેન્ટ કરનાર વ્યક્તિ એ આખા આદિવાસી સમાજની ઈજ્જત આબરૂ પર હમલો કર્યો છે તેથી આદિવાસી સમાજની લાગણી દુભાઈ છે. આવા ઈસમ પર તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી કરવા માટે આદિવાસી પરિવાર દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમા અરજી આપવામાં આવેલ છે. આદિવાસી પરિવાર દ્વારા આવા વિકૃત નરાધમ પર એસ.સી એસ.ટી એક્ટ તેમજ એંટ્રૌસીટી એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં માંગ કરવામાં આવેલ છે

# જિલ્લા કલેક્ટર નેહા કુમારીએ લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતેથી બે દિવસીય સ્પે. ખેલ મહાકુંભનો શુભારંભ કરાવ્યો

## ઈન્દિરા મેદાન ખાતે આજ રોજ ૧૧૦ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ, ૩૫૪ અસ્થિવિષયક ખેલાડીઓ અને ૧૦૨ શ્રવણમંદ ખેલાડીઓ ભાગ લીધો




| (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૭ |

યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર, જિલ્લા વહીવટી વિભાગ, મહીસાગર, રમતગમત વિકાસ અધિકારીશ્રી, મહીસાગર, જિલ્લા રમતગમત અધિકારીશ્રી લુણાવાડા, બ્લાઈન્ડ વેલફેર કાઉન્સીલ તેમજ એન. એ. બી. દાહોદ ના સહયોગથી દર વર્ષે દિવ્યાંગો માટેનો સ્પે. ખેલ મહાકુંભ નું આયોજન જિલ્લા લેવલ પર કરવામાં આવે છે. જે અંતર્ગત આજ રોજ બે દિવસીય સ્પે. ખેલ મહાકુંભનો જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીની ઉપસ્થિતિમાં લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતેથી પ્રજ્ઞાચક્ષુ, અસ્થિવિષયક, શ્રવણમંદ તેમજ બૌદ્ધિક અક્ષમતા ધરાવતા ખેલાડીઓની રમતોનું શુભારંભ કરવામાં આવ્યો.

આજ રોજ ઈન્દિરા મેદાન ખાતે પ્રજ્ઞાચક્ષુ, અસ્થિવિષયક તેમજ શ્રવણમંદ દિવ્યાંગતા ધરાવતા ખેલાડીઓની અથલેટિક્સ રમતોનું આયોજન કરાયું જેમાં પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ કુલ ૧૧૦, અસ્થિવિષયક ધરાવતા ખેલાડીઓ કુલ ૩૫૪, તેમજ શ્રવણમંદ કુલ ૧૦૨ ખેલાડીઓ ભાગ લીધો હતો.

પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે ૧૦૦ મીટર દોડ, લાંબી કુદ, ગોળા ફેક, બરછી ફેક, ચક્ર ફેક, ચેસ જેવી રમતો, અસ્થિવિષયક ખામી ધરાવતા ખેલાડીઓ માટે ટ્રાયસિકલ રેસ, વ્હીલચેર રેસ, ચક્ર ફેક, ભાલા ફેક, ગોળા ફેક, ૧૦૦ મીટર દોડ, લાંબી કુદ, ઊંચી કુદ તેમજ ક્રિકેટ વગેરે જેવી રમતો તેમજ શ્રવણમંદ ખામી ધરાવતા ખેલાડીઓ માટે ૧૦૦ મી. ૨૦૦ મી.દોડની રમતોનું આયોજન કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે,તા. ૦૮-૦૨-૨૦૨૫ શનિવાર ના રોજ બૌદ્ધિક અક્ષમતા ધરાવતા કુલ



૫૪૨ જેટલા ખેલાડીઓ ભાગ લેનાર છે. આ ખેલાડીઓ માટેની રમતો જેમાં મુખ્ય ૩ વિભાગમાં વહેચવામાં આવે છે. ૧. એથ્લેટિક્સ - હાયર એબીલીટી, ૨. એથ્લેટિક્સ - લોવર એબીલીટી, ૩. સાયકલિંગ, આ મુખ્ય રમતોમાં ૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦, ૪૦૦, ૮૦૦, મીટર દોડ, ૫૦,૧૦૦ મીટર વોક, બોચી, સોફ્ટબોલ થ્રો, બાસ્કેટબોલ, સાયકલિંગ, વગેરે જેવી રમતો રમાડવામાં આવશે. સાથે સાથે પ્રજ્ઞાચક્ષુ ૦૮ ખેલાડીઓ માટે ચેસ સ્પર્ધાનું પણ આયોજન છે.

ઉપરોક્ત ત્રણેય કેટેગરીના ખેલાડીઓ આ રમોત્સવમાં જિલ્લા તથા રાજ્ય લેવલ પર દર વર્ષની જેમ આ વર્ષે પણ કુલ ૧૫ થી ૧૬ લાખ જેટલી રકમ ઈનામ સ્વરૂપે આપણા દિવ્યાંગ ખેલાડીઓ મેળવતા રહે છે.

આ પ્રસંગે સ્પે. ઓલિમ્પિક્સ મહીસાગર ચેરમેનશ્રી અનિલભાઈ પંડયા, બ્લાઈન્ડ વેલફેર કાઉન્સીલ અને એન. એ. બી. ના મંત્રીશ્રી યુસૂફી કાપડિયા, સ્પે. ઓલિમ્પિક્સ મહીસાગર સ્પોર્ટ્સ ડાયરેક્ટરશ્રી નવીનભાઈ પટેલ, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી હર્ષાબેન ઠાકોર સહિત દિવ્યાંગ રમતવીરો, કોચ અને સ્પેશિયલ એજ્યુકેટર ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવામા 'પોષણ જાગૃતિ ઝુંબેશ' વિષયક સેમિનાર યોજાયો



| (માહિતી) ગાંધીનગર, તા.૭ |

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગુજરાત રાજ્ય સંલગ્ન સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા તથા જેન્ડર રિસોર્ટ સેન્ટર અને મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે તારીખ ૬ ફેબ્રુઆરીના રોજ આહવા ખાતે પોષણ વિષય ઉપર જાગૃતિ ઝુંબેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સહી પોષણ દેશ રોશન' ની થીમ પર આધારિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પોષણ વિશે જાગૃત થાય તે માટે ચેતના ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફિસર શ્રી જયદીપભાઈ ગામિત આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેઓએ સમતોલ આહાર ની વ્યાખ્યા સાથે સમતોલ આહાર, પોષણ, વગેરે અંગે ગર્ભાવસ્થાથી લઈને વૃદ્ધાવસ્થા સુધીનાં સમય દરમિયાન કેવા ખોરાક લેવા જોઈએ તે અંગેની માહિતી આપી હતી. સાથે જ તિરંગા થાળી સમજાવતા જણાવ્યું હતું કે, કેસરી રંગમાં ફળો, સફેદ રંગમાં દૂધની બનાવટો, લીલા રંગમાં લીલા શાકભાજીનો ઉપયોગ કરવો જોઈએ. ધાન્યનો ઉપયોગમાં વિવિધતા લાવવા માટે પણ તેમણે જણાવ્યું હતું. ઝુંબેશમાં પધારેલ બીજા વક્તા શ્રી તૃષિત ગામીતે વિદ્યાર્થીઓને આયર્નની ઉણપ, વિટામિનની ઉણપ, કેલ્શિયમની ઉણપથી થતા વિવિધ રોગો વિશે સમજ આપી તેની સામે રક્ષણના પગલાંઓ પણ જણાવ્યા હતા. WHO દ્વારા અપાયેલી સમતોલ આહારની વ્યાખ્યા સમજાવી હતી. તેમજ પીવાના પાણીની વિવિધતાઓ જણાવી હતી. આ ઝુંબેશમાં ૨૫૦ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકશ્રીઓ જોડાયા હતા. કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. તેમજ પોષણ અંગેની માહિતી વિષયક પત્રિકા પણ વિતરણ કરવામાં આવી હતી.

બોરભાઠાબેટ નવા મકતમપુર પ્રાથમિક શાળામાં

# વિદ્યાર્થીઓમાં જીવનકૌશલ્યો અને વ્યવસાયિક કૌશલ્યોની ખીલવણી થાય તે હેતુથી એક્સપોઝર વિઝીટનું આયોજન



| (માહિતી) ભરૂચ, તા.૭ |

બોરભાઠાબેટ નવા મકતમપુર પ્રાથમિક શાળામાં વ્યવસાયિક શિક્ષણ કૌશલ્ય અંતર્ગત એક્સપોઝર વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. **NEP- 2020** અંતર્ગત બાળકોને શિક્ષણ સાથે વ્યવસાયલક્ષી શિક્ષણ મળી રહે, બાળકો સ્થાનિક કક્ષાના વ્યવસાયકારોથી પરિચિત થાય અને વિદ્યાર્થીમાં વ્યવસાયિક કૌશલ્યનાં વિકાસ પ્રત્યે રસરૂચી કેળવાય તે હેતુથી ગોહીલ રાધાબેન દ્વારા વિદ્યાર્થીઓને ભરૂચ જીઆઈડીસીમાં આવેલ ઈરા ફર્નિચર શોરૂમ તથા તેના વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ એક્સપોઝર વિઝીટ પ્રસંગે શ્રી અજયભાઈ દ્વારા વિદ્યાર્થીઓને નેતરમાંથી બનતી વિવિધ હોમ ડેકોરની વસ્તુઓ તથા ફર્નિચરની વિવિધ વસ્તુઓ કેવી રીતે બને છે તેનું લાઈવ ડેમોસ્ટ્રેશન સહિત તમામ પ્રકારની માહિતી આપવા આવી હતી. આ વિઝીટ દરમ્યાન કારીગરો સાથે વાતચીત કરાવી તેમનું કૌશલ્ય તેમજ કારીગરીનું બાળકોએ અવલોકન કર્યું હતું. **NEP 2020** અંતર્ગત **10 BAG LESS DAYS** નો હેતુ સિધ્ધ કરવા એક્સપોઝર વિઝીટ કરાવવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓમાં કૌશલ્ય આધારિત વ્યાવસાયિક શિક્ષણ પ્રત્યે અભિગમ કેળવાય તેવાં પ્રયત્નો સફળ રહ્યા હતા. આ સાથે શાળામાં વિદ્યાર્થીઓ માટે હેન્ડ ક્રાફટની વિવિધ વસ્તુઓ બનાવવા શિખે તે માટે પણ શાળાના શિક્ષક અને હેન્ડીક્રાફટ એક્સપર્ટ એવા હિમાનીબહેને શાળાનાં વિદ્યાર્થીઓ માટે હોમડેકોરની વસ્તુઓ, હેન્ડ જ્વેલરી તથા હોમ ડેકોરેશનનો વર્કશોપ યોજ્યો હતો.

# ભરૂચ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસેની અધ્યક્ષતામાં કિશોરીઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે દિશા નિર્દેશક બનેલી કિશોરી ઉત્કર્ષ પહેલનો સમારોહ યોજાયો

| (માહિતી) ભરૂચ, તા.૭ |

મહાનુભાવોના હસ્તો "તાલુકા જાગૃત કિશોરીઓ"ને પ્રસંશાપત્ર, પ્રોત્સાહક રકમ સાથોસાથ પ્રોત્સાહન ભેટ અર્પણ કરાઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસેની અધ્યક્ષતામાં રિજેન્ટા હોટલ ભરૂચ ખાતે કિશોરીઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે દિશા નિર્દેશક બનેલી કિશોરી ઉત્કર્ષ પહેલનો સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસેએ, પ્રેરણાદાયી પ્રાસંગોચિત્ત ઉદબોધનમાં આશા વ્યક્ત કરતા કહ્યું કે, આ કાર્યક્રમ સમાજના ઉજ્વળ ભવિષ્ય માટે એક નવી આશા અને સંગઠિત દષ્ટિકોણ સાબિત થશે. કિશોરી ઉત્કર્ષ પહેલ ભરૂચ જિલ્લાની



કિશોરીઓના સશક્ત અને પ્રકાશમય ભવિષ્ય માટે મજબૂત પાયો ઊભો કરશે. આ તકે, તેમણે ભરૂચ જિલ્લામાં ચાલી રહેલા કીશોરી ઉત્કર્ષ અભિયાન વિશે સવિસ્તાર માહિતી આપતા જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રીએ એપ્રિલ ૦૧, ૨૦૨૨ના રોજ તાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે આયોજિત "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં આપણાં સમાજની દીકરીઓની ક્ષમતા, આકાંક્ષા અને લાગણીઓને પારખી, તેઓને સુવર્ણ અવસર આપીને તેઓને સંસ્થાકીય રીતે જોડવા અંગે આહ્વાન કર્યું હતું. આ વિચારને મૂળમંત્ર બનાવીને ભરૂચ જિલ્લામાં પણ કિશોરીઓની ૦૬ મોડ્યુલ્સ અંગેની ગુણાત્મક તાલીમ તથા અનેક માહિતીપ્રદ સ્થળોની મુલાકાત કરાવીને કિશોરીઓમાં સ્વ-જાગૃતતા આવે અને ચયન પામેલી કિશોરીઓ "આદર્શ કિશોરી"નું બિરુદ મેળવીને સંસ્થાકીય રીતે જોડાય એવા શુભ હેતુથી "કિશોરી ઉત્કર્ષ પહેલ" નામની સીએસઆર પરિયોજનાનો શુભારંભ રાષ્ટ્રીય બાલિકા દિનના દીને કલેક્ટર કચેરી, ભરૂચ ખાતેથી કરવામાં આવ્યો હતો. જે અભિયાન હવે ભરૂચ જિલ્લામાં વટવૃક્ષ બનવા જઈ રહ્યું છે. વધુ તેમણે ઉમેર્યું હતુ કે, અંકલેશ્વર અને ભરૂચ અર્બન બ્લોકની આદર્શ કિશોરીઓ ભવિષ્યમાં સમાજ માટે સકારાત્મક પરિવર્તનના પ્રેરક બનશે. તેમજ કિશોરીઓને નિર્ભયતા પૂર્વક તેમના સ્વપ્નાની પૂર્તિ માટે હંમેશાં પ્રયાસરત રહેવા અને તેમના પોતાના વિસ્તારમાં નેતૃત્વ કરવાની પ્રેરણા આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો હકારાત્મક દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

**તુલા (ર,ત) :**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**

હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**મકર (ખ,જ) :**

આજે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. વ્યાવસાયિક મીટિંગો દરમિયાન સ્પષ્ટવક્તા અને લાગણીશીલ બનતા નહીં.

**કુંભ (ગ,શ,સ) :**

આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. કામના સ્થળે તમારે મહત્વનો નિર્ણય લેવો પડે એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પ ડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

# પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહની ACB કરશે પુછપરછ

## એસીબીના જણાવ્યા અનુસાર એલજી વીકે સક્સેનાએ તેમને આ મામલામાં તપાસના આદેશ આપ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પહેલા આમ આદમી પાર્ટીના નેતાઓ અરવિંદ કેજરીવાલ, સંજય સિંહ અને મુકેશ અહલાવતની મુશ્કેલીઓ વધી ગઈ છે. ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB)ની ટીમ તપાસ માટે અરવિંદ કેજરીવાલ, પાર્ટીના સાંસદો સંજય સિંહ અને મુકેશ અહલાવતના ઘરે પહોંચી રહી છે. મળતી માહિતી મુજબ, એસીબીની ટીમ મુકેશ અહલાવત, અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહના ઘરે તપાસ કરવા રવાના થઈ ગઈ હતી. એસીબીના જણાવ્યા અનુસાર એલજી વીકે સક્સેનાએ તેમને તપાસના આદેશ આપ્યા છે. અમારી ટીમ નીકળી રહી છે. આરોપોમાં કેટલી સત્યતા છે તે અંગે ત્રણેય લોકો પાસેથી માહિતી મેળવવી હતી. શું આ આરોપ અંગે કોઈ પુરાવા છે કે પછી તે માત્ર ભ્રમ ફેલાવવાનો પ્રયાસ છે? માનવામાં આવી રહ્યું છે કે એસીબીની ટીમ કેજરીવાલ અને સંજય સિંહની પણ પૂછપરછ કરી શકે છે. આમ આદમી પાર્ટી (AAP) નેતાઓ અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ દ્વારા ભારતીય જનતા પાર્ટી પર લગાવવામાં આવેલા ધારાસભ્યોના હોર્સ ટ્રેડિંગના આરોપોની તપાસ કરશે. બીજેપી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ બાદ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (LG) એ AAP નેતાઓના દાવાઓની તપાસના આદેશ આપ્યા છે. મળતી માહિતી મુજબ, દિલ્હી એલજીના પ્રિન્સિપલ સેક્રેટરીએ આમ આદમી પાર્ટીના ઉમેદવારોને લાંચ આપવાના આરોપો પર એસીબી તપાસ કરાવવા માટે મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. દિલ્હી એલજીને બીજેપીની ફરિયાદ બાદ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ભાજપે ફરિયાદમાં કહ્યું છે કે આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલા આરોપો ખોટા અને પાયાવિહોણા છે અને તે ભાજપની છબીને કલંકિત કરવાના ઈરાદાથી કરવામાં આવ્યા છે અને મતદાન પૂર્ણ થયા બાદ તરત જ દિલ્હીમાં ગભરાટ અને અશાંતિની સ્થિતિ સર્જાઈ છે. આ દરમિયાન AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે ભાજપના લોકો ડ્રામા કરવા માંગે છે. અમે ફરિયાદ નોંધાવવા માંગીએ છીએ. અમે કાર્યવાહી ઈચ્છીએ છીએ. એસીબીએ કાર્યવાહી કરવી જોઈએ. હું ફરિયાદ કરવા એસીબી ઓફિસમાં જાઉં છું. મહત્વનું છે કે કેજરીવાલે ભાજપ પર દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા AAPના ઉમેદવારોને ખરીદવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. કેજરીવાલે દાવો કર્યો હતો કે તેમની પાર્ટીના ૧૬ ઉમેદવારો ભાજપમાં જોડાય તો તેમને ૧૫ કરોડ રૂપિયા અને મંત્રી પદની ઓફર કરવામાં આવી હતી. ટ્વિટર પરની એક પોસ્ટમાં કેજરીવાલે આરોપ લગાવ્યો કે, છેલ્લા બે કલાકમાં અમારા ૧૬ ઉમેદવારોને કોલ આવ્યા કે જો તેઓ AAP છોડીને ભાજપમાં જોડાય તો તેમને દરેકને ૧૫ કરોડ રૂપિયા અને મંત્રી પદની ઓફર કરવામાં આવશે.

### ન્યૂઝ બ્રિફ

## સુશાંતસિંહ રાજપૂત કેસ ફરીવાર ચર્ચામાં આવ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

સુશાંતસિંહ રાજપૂત કેસ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. બોમ્બે હાઈકોર્ટમાં સુશાંત સિંહના અને તેની પૂર્વ મેનેજર સાલિયાનના મૃત્યુ મામલે આદિત્ય ઠાકરેની પૂછપરછ અને ધરપકડની માગ કરતી PIL દાખલ કરવામાં આવી છે. ચાહકો અને પરિવારજનો આજે પણ ન્યાયની માગ કરી રહ્યા છે. હજું પણ સીબીઆઈ આ કેસની તપાસ કરી રહી છે. બોમ્બે હાઈકોર્ટ સુશાંતસિંહ રાજપૂત ના આ કેસની PIL પર સુનાવણી કરવાની તૈયારી દર્શાવી છે. ૧૯ ફેબ્રુઆરીના રોજ આ સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટ લિટિગેંટ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ અપીલમાં બંને ઘટનાઓ એકબીજા સાથે સંકળાયેલી હોવાની શંકા પણ છે. જેથી સત્ય ઉજાગર કરવા માટે તપાસની માગ થઈ છે. એસોસિએશનના અધ્યક્ષ રાશિદ ખાન પઠાણે આદિત્ય ઠાકરેની અટકાયત કરી પૂછપરછ કરવાની માગ પણ કરી છે.

## એક બાઈક પર જતાં ૪ લોકો કૂવામાં ખાબકતાં મોત થયા

। (એજન્સી) ધાર, તા.૭ ।

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં એક ઝડપી મોટર સાઈકલ કૂવામાં પડી જવાથી ચાર યુવકોના મોત નીપજ્યા. ઘટના ગુરુવારે રાત્રે લગભગ ૧૧.૫૦ વાગે જિલ્લા કાર્યાલયથી લગભગ ૬૦ કિલોમીટર દૂર છોટી ઉમરબંધ અને મુંડલા ગામની વચ્ચે થઈ. તમામ મુંડલાના રહેવાસી હતાં. જાણકારી અનુસાર તમામ એક બાઈકથી પોતાના ગામ પાછા ફરી રહ્યાં હતાં. મનવરના ઈશ્વર સિંહ ચૌહાણે જણાવ્યું કે એક જ બાઈક પર સવાર ચાર લોકો એક આકરા વળાંક પર ખુલ્લા કૂવામાં પડી ગયા. અધિકારીએ જણાવ્યું કે મૃતકોની ઓળખ સંદીપ (૧૯), અનુરાગ (૨૨), મનીષ (૨૦) અને રોહન (૧૯) તરીકે થઈ છે. આ તમામ એક લગ્ન કાર્યક્રમમાં સામેલ થયા બાદ છોટી ઉમરબંધથી મુંડલા ગામ પાછા ફરી રહ્યાં હતાં. અધિકારીએ જણાવ્યું કે 'પોલીસે મૃતદેહોને કૂવામાંથી કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે.

## બોલિવૂડ અભિનેતા સોનુ સુદ પર લટકતી ધરપકડની તલવાર

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

બોલિવૂડ અભિનેતા સોનુ સુદની મુશ્કેલીઓ વધી ગઈ છે. કારણ કે ગુરુવારે લુધિયાણાની એક કોર્ટે છેતરપિંડીના કેસમાં જુબાની આપવાનું ટાળવા બદલ તેની સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે. સોનુ સુદને લુધિયાણા સ્થિત વકીલ રાજેશ ખન્ના દ્વારા દાખલ કરાયેલા કેસના સંદર્ભમાં સમન્સ જારી કરવામાં આવ્યું હતું, જેમાં મોહિત શુક્લા નામના વ્યક્તિ પર ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એડવોકેટ ખન્નાએ આરોપ લગાવ્યો હતો કે શુક્લાએ તેને નકલી રિજિકા સિક્કાઓમાં રોકાણ કરવા માટે લાલચ આપી હતી. આ કેસમાં અભિનેતા સોનુ સુદને જુબાની આપવાની હતી. તાજેતરમાં ફિલ્મ ફતેહ બનાવનાર અભિનેતા સુદને વારંવાર સમન્સ જારી કરવામાં આવ્યા હતા.

### રાહુલ ગાંધીનો મોટો આરોપ । અમે મતદારો અને મતદાન યાદીની વિગતોનો અભ્યાસ કર્યો છે, અમારી ટીમો કામ કરી રહી છે

## મતદારો વધારીને ગેરરીતિથી મહારાષ્ટ્રની ચૂંટણી જીતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, શિવસેના (UBT) સાંસદ સંજય રાઉત અને NCP-SCP સાંસદ સુપ્રિયા સુલેએ દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદમાં ચૂંટણી પંચ પર પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે આ ટેબલ પર મહારાષ્ટ્રમાં છેલ્લી ચૂંટણી લડનારા સમગ્ર વિપક્ષનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ.' અમે ચૂંટણી વિશે કેટલીક માહિતી લાવવાના છીએ. અમે મતદારો અને મતદાન યાદીની વિગતોનો અભ્યાસ કર્યો છે. અમારી ટીમો કામ કરી રહી છે અને અમને ઘણી ગેરરીતિઓ મળી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મતદાર યાદીમાં ઘણી ખામીઓ



છે. ૫ મહિનામાં ૭ લાખ મતદારો ઉમેરાયા. ચૂંટણી પહેલા આટલા બધા મતદારો કેવી રીતે જોડાયા? ચૂંટણી કમિશનરની ચૂંટણીની પ્રક્રિયામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું, 'વિધાનસભા ચૂંટણી ૨૦૧૯ અને લોકસભા ૨૦૨૪ વચ્ચે ૫ વર્ષમાં ૩૨ લાખ મતદારો ઉમેરાયા.' પરંતુ, લોકસભા ૨૦૨૪ અને વિધાનસભા ચૂંટણી વચ્ચેના ૫ મહિનાના સમયગાળામાં, ૩૯ લાખ મતદારો ઉમેરાયા. પ્રશ્ન એ છે કે આ મતદારો કોણ છે? બીજો મુદ્દો એ છે કે મહારાષ્ટ્રમાં રાજ્યની કુલ મતદાતા વસ્તી કરતા વધુ મતદાતાઓ કેમ છે? કોઈક રીતે, મહારાષ્ટ્રમાં અચાનક મતદારોનું સર્જન થયું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ચૂંટણી પંચને કહી રહ્યા છીએ કે અમને વિસંગતતાઓ મળી રહી છે. અમને મહારાષ્ટ્રના મતદારોના નામ અને સરનામાવાળી મતદાર યાદીની જરૂર છે. લોકસભાની ચૂંટણી માટે આપણને મતદાર યાદીની જરૂર છે. અમને વિધાનસભા ચૂંટણીની મતદાર યાદીની જરૂર છે કારણ કે અમે સમજવા માંગીએ છીએ કે આ નવા નામ કોણ છે. ઘણા મતદારો એવા છે જેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે એક બૂથના મતદારોને બીજા બૂથ પર ખસેડવામાં આવ્યા છે. આમાંના મોટાભાગના મતદારો દલિત સમુદાયો, આદિવાસી સમુદાયો અને લઘુમતી સમુદાયોમાંથી આવે છે. અમે ચૂંટણી પંચને વારંવાર વિનંતી કરી છે. તેમણે અમને કોઈ જવાબ આપ્યો નથી. વિપક્ષી નેતાએ સંસદ ભવનમાં આ વાત કહી છે. ચૂંટણી પંચે કોઈ જવાબ આપ્યો નથી. હવે, તેઓ જવાબ નથી આપી રહ્યા તેનું એકમાત્ર કારણ એ છે કે તેમણે જે કર્યું છે તેમાં કંઈક ખોટું છે. હું કોઈ આરોપ લગાવી રહ્યો નથી.

## દિલ્હીમાં ફરી શાળાઓમાં બોમ્બની ધમકીના મેઈલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હી અને નોઈડાની શાળાઓમાં ફરી એકવાર બોમ્બની ધમકીના મેસેજ મળ્યા છે. મળતી માહિતી મુજબ દિલ્હીની ઘણી શાળાઓમાં બોમ્બ હોવાના કોલ આવ્યા છે. પૂર્વ દિલ્હીની શાળાઓમાં બોમ્બ મૂકવાનો સંદેશ મળ્યો છે. આ પછી, સલામતીના પગલાં અને ઈમરજન્સી પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા છે. બોમ્બની આશંકા બાદ, શાળા પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓએ વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તકેદારી વધારી દીધી છે. સાથે જ શાળાઓ દ્વારા બાળકોના પરિવારજનોને સંદેશો મોકલવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે આજે સવારે મળેલા ધમકીભર્યા ઈમેલને કારણે અમારે અમારા વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શાળા બંધ કરવાની ફરજ પડી છે. કૃપા કરીને ધીરજ રાખો અને આ બાબતે સહકાર આપો. વધુ સૂચનાઓ અને મંજૂરી માટે સક્ષમ અધિકારીઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. અગાઉ, બુધવારે સવારે ૬.૪૫ વાગ્યાની આસપાસ નોઈડાની ચાર ખાનગી શાળાઓ - સ્ટેપ બાય સ્ટેપ, ધ હેરિટેજ, જ્ઞાનશ્રી અને મયુર સ્કૂલ - ને બોમ્બની ધમકીના ઈમેલ મળ્યા હતા.

### સ્ત્રીઓ નાના વસ્ત્રોમાં નાચવા માટે નથી બની : ઈશિકા

## એક્ટિંગની મોહમાયા છોડી સાધ્વી બની 30 વર્ષની અભિનેત્રી ઈશિકા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૭ ।

મહાકુંભ ૨૦૨૫ વિવિધ બાબતોને લઈને સતત ચર્ચામાં છે. મમતા કુલકર્ણી બાદ ફરી એક હસીનાનું નામ મહાકુંભ સાથે જોડાયું છે, કે જેણે ગ્લેમરની દુનિયા છોડીને આધ્યાત્મિકતાનો માર્ગ પસંદ કરવાનો નિર્ણય કર્યો છે. હા અમે વાત કરી રહ્યા છીએ, ઈશિકા તનેજાની. જે ભૂતપૂર્વ મિસ વર્લ્ડ ટુરિઝમ અને મિસ ઈન્ડિયા રહી ચૂકી છે, જે હવે એક્ટિંગની મોહમાયા છોડી સાધ્વી બની ગઈ છે. તેમણે દ્વારકા શારદા પીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી પાસેથી ગુરુ દીક્ષા લીધી. હવે તેણે ભગવા વસ્ત્ર ધારણ કરી લીધા છે અને તેનું નવું નામ શ્રી લક્ષ્મી આપવામાં આવ્યું છે. આવો તમને



જણાવીએ કે, ઈશિકા કોણ છે અને તેણે એક્ટિંગની મોહમાયા છોડી ધર્મ અને ટૂંકા કપડાં પહેરવા વિશે શું કહ્યું છે. ઈશિકા તનેજા સાધ્વી બન્યા પછી સતત ચર્ચામાં છે. દિલ્હીની રહેવાસી 30 વર્ષીય ઈશિકાએ ગ્લેમરની દુનિયાને અલવિદા કહી દીધું છે. હવે તે સનાતનનો પ્રચાર પ્રસાર કરી રહી છે. તે પોતાને સાધ્વી નહીં પણ સનાતની કહે છે. એક ચેનલ સાથે વાતચીત કરતાં તેણે કહ્યું કે, મહિલાઓ ટૂંકા કપડાં પહેરીને નાચવા માટે નથી બની, પરંતુ દરેક દીકરીએ ધર્મની રક્ષા માટે આગળ આવવું જોઈએ.

આ વાત પર ઈશિકા કહ્યું કે, હું ફરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પાછી નહીં ફરું. પરંતુ તે એમ પણ કહે છે કે, જો તેને ફિલ્મોનું નિર્માણ કરવાની તક મળશે. તો તે કામ જરુર કરીશ અને સનાતનનો પ્રચાર અને પ્રસાર ચાલુ રાખીશ. ઈશિકા તનેજા દિલ્હીની રહેવાસી છે. તે વર્ષ ૨૦૧૭માં મિસ ઈન્ડિયાનો તાજ જીતી ચૂકી છે. એ પછીથી મિસ વર્લ્ડ ટુરિઝમ સુધી પણ પહોંચી છે. તેણે મિસ ઈન્ડિયા સૌંદર્ય સ્પર્ધામાં Popularity and Miss Beauty with Brain નો ખિતાબ પણ જીત્યો હતો.

### કોઈ જાનહાનિ નહીં । પીપા બ્રિજ નંબર ૧૮ પાસે આગની ઘટના બની હતી

## મહાકુંભમાં સેક્ટર ૧૮માં લાગી આગ, ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૭ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળા વિસ્તારમાં આગ લાગી હતી. જો કે ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો હતો. પીપા બ્રિજ નંબર ૧૮ પાસે આગની ઘટના બની હતી. આરએએફ, યુપી પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. સેક્ટર ૧૮, શંકરાચાર્ય માર્ગ પર આવેલા હરિહરાનંદ કેમ્પમાં આગ લાગી હતી. પત્રકારો સાથે વાત કરતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આગ લાગી હતી અને થોડીવારમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. કોઈ જાનહાનિ થઈ નથી. આર્થિક નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.



ફાયર બ્રિગેડની વિશેષ ટીમ આગ કયા કારણોસર લાગી તે તપાસ કરી રહી છે. ઘટનાસ્થળે જાહેરાત કરતાં એક પોલીસ અધિકારીએ કહ્યું કે કોઈ જાનહાનિ નથી અને બધું નિયંત્રણમાં છે. બધાએ એસેમ્બલી પોઈન્ટ પર આવવું જોઈએ. આગ લાગ્યા બાદ પોન્ટૂન બ્રિજ નંબર ૧૮ પર શ્રદ્ધાળુઓની ભીડ એકઠી થઈ ગઈ હતી. સેક્ટર ૧૮માં જ્યાં આગ લાગી હતી ત્યાં મોટી સંખ્યામાં સંતો અને મહાત્માઓ રહે છે. છેલ્લા ઘણા દિવસોથી અહીં ભારે ભીડ છે. પોલીસ, આરએએફ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી, એક ટીમ તરીકે કામ કરી, કેટલાક સ્થળોએ રસ્તો બ્લોક કર્યો અને અન્ય સ્થળોએ માર્ગ ડાયવર્ટ કર્યો. આવી સ્થિતિમાં રાહતની વાત છે કે કોઈ જાનહાનિ થઈ નથી. આગની ઘટનાના કારણે અંદાજે ૨૦ ડેટલા ટેન્ટ ખરાબ રીતે બળીને ખાખ થઈ ગયા હતા.

ઘટનાસ્થળે હાજર ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાની શંકા છે. આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

### 'તમે ઘર તોડી શકો છો, ઇતિહાસ નહીં'

## પિતાના નિવાસસ્થાને હુમલાને લઇ શેખ હસીનાનો યુનુસને આપ્યો વળતો જવાબ

### શેખ હસીનાએ ફેસબુક લાઈવ દ્વારા અવામી લીગ પાર્ટીના સમર્થકોને સંબોધિત કર્યા હતા

। (એજન્સી) ઢાંકા, તા.૭ ।

શેખ હસીનાએ બુધવારે રાત્રે ફેસબુક લાઈવ દ્વારા અવામી લીગ પાર્ટીના સમર્થકોને સંબોધિત કર્યા હતા. સંબોધન દરમિયાન તેણે કહ્યું કે તેની હત્યા માટે બાંગ્લાદેશમાં આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. મોહમ્મદ યુનુસે મને અને મારી બહેનને મારી નાખવાની યોજના બનાવી હતી. નોંધનીય છે કે સંબોધન બાદ વિરોધીઓએ શેખ મુજીબુર રહેમાનના ઐતિહાસિક આવાસ પર હુમલો કર્યો હતો.બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ અવામી લીગ પાર્ટીના સમર્થકોને સંબોધિત કર્યા. જો કે, સંબોધન પછી તરત જ, માહિતી બહાર આવી કે ઢાકામાં વિરોધીઓએ શેખ મુજીબુર રહેમાનના ઐતિહાસિક નિવાસસ્થાન પર હુમલો કર્યો. દેખાવકારોએ ઘરમાં ભારે તોડફોડ કરી હતી.શેખ હસીનાએ ફેસબુક લાઈવ દ્વારા લોકોને સંબોધિત કર્યા હતા. સંબોધન દરમિયાન તેણે કહ્યું કે તેની હત્યા માટે બાંગ્લાદેશમાં આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. મોહમ્મદ યુનુસે મને અને મારી બહેનને મારી નાખવાની યોજના બનાવી હતી. શેખ હસીનાએ વધુમાં કહ્યું કે જો આ હુમલાઓ છતાં અલ્લાહે મને જીવતો રાખ્યો હોય તો કંઈક મોટું કર્યું હશે. જો એમ ન હોત તો હું આટલી વખત મૃત્યુને હરાવી શક્યો ન હોત.બુલડોઝરથી ઈતિહાસ તોડી શકાતો નથીઃ શેખ હસીનાતેમના સંબોધન દરમિયાન તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે લોકોએ તેમના ઘરને શા માટે આગ લગાવી? હું બાંગ્લાદેશના લોકો પાસેથી ન્યાયની માંગ કરું છું. શું મેં મારા દેશ માટે કંઈ કર્યું નથી? શા માટે અમારું આટલું અપમાન થયું? તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ પ્રદર્શનકારીઓએ શેખ હસીનાના ઘરે તોડફોડ કરી હતી. તેના ઘરની સામાન લૂંટી લેવામાં આવ્યો હતો. તેમનું ઘર બુલડોઝર વડે તોડી પાડવામાં આવ્યું હતું.

## આ મામલે સંપૂર્ણ તથ્યો સાથે જવાબ અપાશે : ચૂંટણી પંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મૂકેલા મહારાષ્ટ્રમાં મતદાર યાદીમાં ગોટાળાના આરોપ પર ચૂંટણી પંચે પ્રતિક્રિયા આપી છે. ચૂંટણી પંચે કહ્યું કે, આ મામલે સંપૂર્ણ તથ્યો સાથે જવાબ આપવામાં આવશે. જણાવી દઈએ કે, રાહુલ ગાંધીએ શુક્રવારે (૭ ફેબ્રુઆરી) શિવસેના (UBT) સાંસદ સંજય રાઉત અને એનસીપી-એસસીપી સાંસદ સુપ્રીયા સુલે સાથે દિલ્હીમાં એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યા હતા. રાહુલ ગાંધીના આરોપ પર ચૂંટણી પંચે કહ્યું કે, મતદારોની સંખ્યા રાજ્યની કુલ વસ્તીથી વધુ હોવાના આરોપ પર લેખિતમાં સંપૂર્ણ તથ્ય સાથે જવાબ આપવામાં આવશે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ્સ માટે બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-54-24 | જાહેરાત | • ટ્રેનનો અંદરનો ભાગ<br>• આઉટ ઑફ હોમ<br>• સ્ટેશન સંકુલ પર (ડિજીટલ)<br>• સ્ટેશન સંકુલ પર (નોન-ડિજીટલ) | લોટ્સ માટે ઈ-હરાજી તા.14-02-2025 ના 12:00 કલાકે શરૂ થશે. |
| | પરચુરણ-સ્ટેટીક-સેવાઓ | • BOXN વેગન સફાઈ | |
| NFR-ADI-54-24 | જાહેરાત | • ટ્રેનનો બહારનો ભાગ (ફુલ ફેસ)<br>• આઉટ ઑફ હોમ<br>• સ્ટેશન સંકુલ પર (નોન-ડિજીટલ) | લોટ્સ માટે ઈ-હરાજી તા.21-02-2025 ના 12:00 કલાકે શરૂ થશે. |

નોંધઃ (1) પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ(www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. (2) ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટ પ્રમાણેની વિગતો આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : અમદાવાદ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. (3) પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. (4) નિર્ધારિત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in ખાતે અથવા +91-9724093968 ઉપર અમારો સંપર્ક કરો. ADI-316

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


## ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ ભારત પરત આવ્યા બાદ સરકારની મોટી કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

હરિયાણાના યુવકોને ડંકી રૂટથી અમેરિકા મોકલનારા એજન્ટો પર પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે. હરિયાણાના કરનાલના ચાર એજન્ટ્સ વિરુદ્ધ ઈમિગ્રેશન ઍક્ટ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ખાનગી ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, તાજેતરમાં અમેરિકામાંથી ડિપોર્ટ કરાયેલા ૧૦૪ લોકોમાં સામેલ ત્રણ લોકોએ આ એજન્ટ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**SLR કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

**ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના**

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ | કેટલોગ નં. LEASE-2024-22

સ્થળ અને સંપત્તિની વિગત

SLRs ના 3.9/04 ટન પાર્સલ સ્પેસ ના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

| અનું. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 09565 | FSLR-I | દરરોજ | PBR (પોરબંદર) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 2 | 09566 | FSLR-I | દરરોજ | BVC (ભાવનગર ટર્મિનસ) | VRL (વેરાવળ) |
| 3 | 09567 | FSLR-I | દરરોજ | VRL (વેરાવળ) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 4 | 09568 | FSLR-I | દરરોજ | BVC (ભાવનગર ટર્મિનસ) | PBR (પોરબંદર) |
| 5 | 19319 | FSLR | બુધવાર | VRL (વેરાવળ) | INDB (ઈન્દોર) |
| 6 | 11087 | FSLR-I | શનિવાર | VRL (વેરાવળ) | PUNE (પૂણે) |
| 7 | 22990 | FSLR | ગુરુ અને શનિ | MHV (મહુવા) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 8 | 20968 | RSLR-I | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 9 | 20968 | FSLR-I | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 10 | 20968 | FSLR-II | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 11 | 19256 | RSLR | રવિ, સોમ, મંગળ, બુધ અને શુક્ર | MHV (મહુવા) | ST (સુરત) |

(1) ઈ-હરાજી તા.21-02-2025 ના 11:00 કલાક થી શરૂ થશે (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. (3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો. BVP-194

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# સાબરમતી લોકોમોટિવ શેડએ "રેલવે ઈલેક્ટ્રિફિકેશનના ૧૦૦ વર્ષ" પર ઉજવ્યો ઉત્સવ







। અમદાવાદ, તા.૭ ।

ભારતીય રેલવેના વિદ્યુતીકરણના ૧૦૦ વર્ષોની મહત્વપૂર્ણ મુસાફરીને ચિહ્નિત કરવા માટે સાબરમતી લોકોમોટિવ શેડ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ અવસર પર કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ વિઝિટ આયોજિત કરવામાં આવી, જેમાં તેમને ભારતીય રેલવેના ઈલેક્ટ્રિફિકેશનના સમૃદ્ધ ઈતિહાસ અને ટેકનિકલ પ્રગતિથી માહિતગાર કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દરમિયાના એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું, જેમાં રેલવેના વિદ્યુતીકરણથી સંબંધિત મહત્વપૂર્ણ પાસાઓ અને તેમના ફાયદાઓ પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી. આની સાથે જ એક પેઈન્ટીંગ સ્પર્ધા પણ આયોજિત કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મકતાનું પ્રદર્શન કર્યું. સ્પર્ધામાં ભાગ લેનારા તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. સાબરમતી લોકોમોટિવ શેડના કર્મચારીઓએ આ આયોજનને સફળ બનાવવામાં પોતાની ભૂમિકા નિભાવી અને ભવિષ્યમાં આ પ્રકારના આયોજનોને પ્રોત્સાહન આપવાની કટિબદ્ધતા દર્શાવી. આ આયોજને વિદ્યાર્થીઓને રેલવેના વિદ્યુતીકરણના ઈતિહાસને સમજવા અને તેની ટેકનિકલ પ્રગતિને જાણવાનો મહત્વપૂર્ણ અવસર ઉપલબ્ધ કરાવ્યો.

# ધાનેરાના વિભાજનના વિરોધ વચ્ચે સરકારનો ખેડૂતલક્ષી નિર્ણય

। (એજન્સી) બનાસકાંઠા, તા.૭ ।

બનાસકાંઠામાં ધાનેરાના વિભાજનના વિરોધ વચ્ચે સારા સમાચાર આવ્યા છે. સતત ખેડૂતોની રજુઆતના પરિણામે સરકારે ખેડૂતલક્ષી નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ધાનેરાના ૫૫ ગામોના તળાવ નર્મદાના નીરથી ભરાશે. થરાદના ૬૦ અને ધાનેરાના ૫૫ ગામના તળાવ ભરવાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. સતત વિરોધના કારણે સરકારે ખેડૂતલક્ષી નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ધાનેરાના ૫૫ ગામોના તળાવ નર્મદાના નીરથી ભરાશે. થરાદના ૬૦ અને ધાનેરાના ૫૫ ગામના તળાવ ભરવાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. સરકારે પાઈપ લાઈન માટે ૧૦૪૮ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું છે. તળાવ ભરાતા ખેડૂતોને જમીનના તળ ઉપર આવવાની આશા છે, ધાનેરા અને થરાદના ઘણા વિસ્તારમાં સિંચાઈના પાણીનો પ્રશ્ન હતો, જે હવે ઉકાલાશે. હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીએ બંને જિલ્લાઓમાં ગામડાઓનું વિભાજન મહદઅંશે સમાન રીતે દરેક જિલ્લામાં ૬૦૦ આસપાસ રહે તેમ તથા વિસ્તાર વાવ-થરાદ જિલ્લામાં ૬૨૫૭ ચો. કિ.મી અને બાનસકાંઠા જિલ્લામાં ૪૪૮૬ ચો. કિ.મી રહે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે તેવા દિશાનિર્દેશ આપ્યા છે.

# મિલેટ મહોત્સવ ૨૦૨૫
# ૫૦ રૂપિયાના મોરૈયાનો છંટકાવ અને આવક રૂપિયા ૨૫ હજાર
## છે ને અચરજ - વિશ્વની કોઈ કંપની કે બેંક આટલો નફો ન આપી શકે

। અમદાવાદ, તા.૭ ।

"અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખીચા ગામના ખેડૂત મોરૈયાની ખેતીમાં 'ખીચા' (ખીસ્સા) ભરે છે..."

સાંભળીને અચરજ જેવું લાગે, પણ સત્ય છે. માનો કે ના માનો આ ચમત્કારથી પણ વિશેષ છે.

ખીચા તો માત્ર ઉદાહરણ છે, પરંતુ નળ સરોવર આસપાસના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના અંતરિયાળ ગામો કે જ્યાં પાણીની સુવિધા ઓછી છે અથવા આ વિસ્તારના ગામો કે જે માત્ર વરસાદ આધારિત ખેતી કરે છે તેવા ગામોના ખેડૂતો આજે મિલેટ પાક તરફ વળ્યા છે, અને ઓછા ખર્ચે વધુ આવક મેળવે છે.

આ ખેડૂતો મિલેટ પાકને મહત્વ આપી તેમના ખેતરમાં મોરૈયો કે બંટી વાવીને માતબર નફો મેળવતા થયા છે.

માત્ર એક વિઘા જમીનમાં ૫૦૦ ગ્રામ એટલે કે માત્ર ૫૦/- રૂપિયાંનો મોરૈયો નાંખી માત્ર ૯૦ દિવસમાં અંદાજે રૂપિયા ૨૫ હજારની આવક મેળવે છે.

સાણંદ તાલુકાના ખીચા ગામના વતની કાશીરામભાઈ સુરાભાઈ વાઘેલા વર્ષ ૨૦૧૩ થી પ્રાકૃતિક ખેતી કરે છે, પરંતુ સાથે મિલેટ પાકો પર તેમણે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શ્રી કાશીરામભાઈ કહે છે કે, નળ સરોવર વિસ્તારના સાણંદ, બાવળા અને વિરમગામના અંતરિયાળ ગામોના ખેડૂતો માત્ર વરસાદ આધારિત ખેતી કરે છે, ત્યારે તેમના માટે મિલેટ પાક ખુબ ઉપયોગી છે. આ વિસ્તારના ખેડૂતો મિલેટ તરફ વળ્યા છે.

કાશીરામભાઈએ આ ખેડૂતોને તાલીમ આપી અને તેમાંથી પ્રેરણા લઈ આ ખેડૂતો મિલેટ પાક તરફ વળ્યા છે.

આ વિસ્તારના ખેડૂતો ચોમાસું શરૂ થાય એટલે જમીનમાં બે ખેડ કરી ૫૦૦ ગ્રામ મોરૈયો કે બંટીની છાંટણી (વાવણી) કરી દે છે. એટલે કોઈ ઝંઝટ નહીં..

રાસાયણિક ખાતર કે દવાની જરૂર નહી અને પાણીની પણ જરૂર નહી..., વર્ષ સારું હોય કે ના હોય તો પણ ટુંકી મુદ્દતમાં પાકી જાય, સરેરાશ એક વિઘા દીઠ ઉત્પાદન ૧૫ થી ૨૦ મણ નું રહે છે અને વહેલાં ખેતર ખાલી થાય એટલે સમયસર ઘઉ કરવાથી ઘઉનું ઉત્પાદન પણ વધે છે. આમ બેવડો નફો માત્ર મિલેટ પાકને મહત્વ આપવાથી મળે છે.

આત્મા પ્રોજેક્ટ્ના ડાયરેક્ટર શ્રી કે કે પટેલ કહે છે કે, ઓછા પાણી અથવા માત્ર વરસાદ અધારિત ખેતી કરતા ખેડૂતો મિલેટ પાક તરફ વળ્યા છે તે ખુબ આવકારદાયક છે. આ ખેડૂતો ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે છે.

# પંજાબ નેશનલ બેંક દ્વારા PNB હોમ લોન એક્સ્પો – ૨૦૨૫નું આયોજન ૦૭ અને ૦૮/૦૨/૨૦૨૫ના રોજ કરવામાં આવી રહ્યું છે

। અમદાવાદ, તા.૭ ।

પંજાબ નેશનલ બેંક ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક છે અને સમગ્ર દેશમાં લગભગ ૧૮ કરોડ ગૌરવપૂર્ણ ગ્રાહકોને સેવા આપી રહી છે. હવે બેંકે જાહેર જનતા માટે એક અનોખી પહેલ હાથ ધરી છે અને આ માટે **PNB HOME LOAN EXPO – 2025** નું આયોજન ૦૭ અને ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ **PNB** ઝોનલ ઓફિસ, અમદાવાદ દ્વારા ગુજરાતના વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું છે કરવામાં આવી રહ્યું છે.

વિગતો આ મુજબ છે:

**અમદાવાદઃ**

a) વ્હાઈટ હાઉસ, મણિનગર, અમદાવાદ

b) PNB સેક્ટર ૧૬, ગાંધીનગર

**રાજકોટઃ**

a) PNB મહિલા શાખા, નાના મવા સર્કલ, રાજકોટ

**સુરતઃ**

a) અમીધારા, કડવા પટેલ સમાજ, ન્યુ રાંદર રોડ, સુરત

**વડોદરાઃ**

a) AMC ગ્રાઉન્ડ, અકોટા, વડોદરા

આ તમારા સપનાનું ઘર તમારી મનપસંદ જગ્યાએ ખરીદવા માટે અમારી બેંક તરફથી ડીલ મેળવવાની શ્રેષ્ઠ તક છે. અમે આપણા તમામ મુલ્યવાન ગ્રાહકોને આ હોમ લોન એક્સ્પો માં ભાગ લેવા આમંત્રિત કરીએ છીએ, જ્યાં તમે આદરણીય બિલ્ડરો, રીયલ એસ્ટેટ એજન્ટો વગેરેને એક જ છત હેઠળ મળી શકો છો અને આકર્ષક હોમ લોન વ્યાજ દર **8.40%*** (શરતો અને નિયમો લાગુ) થી શરૂ થતા શ્રેષ્ઠ ડીલ મેળવી શકો છો.

વધુમાં, એક્સ્પો દરમિયાન તરત જ લોન મંજૂરી મેળવવાનો અવસર મળશે, અને બેંકની માર્ગદર્શિકા અનુસાર ગ્રાહકની પાત્રતા મુજબ ડિજિટલ મોડ દ્વારા સરળતાથી તરત જ લોન મંજૂરી પણ મેળવી શકાશે.

**શ્રી દિપાંકર મહાપાત્રા, અંચલ પ્રમુખ, અમદાવાદ ઝોન**

## ટ્રાફિક સમસ્યાથી ત્રસ્ત પ્રજાને રાહત
# પાલનપુર હાઈવે પર ૧૦૦૦ જેટલા દબાણો હટાવ્યાં

। (એજન્સી) પાલનપુર, તા.૭ ।

પાલનપુરમાં શહેર અને હાઈવે પર વધતી જતી ટ્રાફિક સમસ્યાને લઈને આજે આર એન બી નગરપાલિકા અને એન.એચ.આઈએ દબાણ ઝુંબેશ હાથ ધરી હતી એક હજારથી વધુ થયેલા દબાણો હટાવવા માટે અલગ અલગ વિસ્તારમાં તંત્રની ત્રણ ટીમો કામે લાગી છે જોકે એક તરફ ટ્રાફિકની સમસ્યાને લઈને પાલનપુરના જાગૃત નાગરિકોએ બાયપાસ બનાવવા માટે ધરણા શરૂ કરી દીધા છે તો બીજી તરફ નાગરિકો માની રહ્યા છે કે દબાણ માત્ર નાટક છે આવતીકાલે પાછી પરિસ્થિતિ યથાવત હશે. પાલનપુર શહેરમાં ટ્રાફિકની પરિસ્થિતિને લઈને છેલ્લા પાંચ વર્ષથી પ્રજા પીડાઈ રહી છે ત્યારે અનેક લોકો હેરાન થાય છે અનેક વાહનચાલકો કલાક સુધી હેરાન થાય છે ત્યારે ગઈકાલે કલેકટરના આદેશ બાદ એન એચ આઈ પાલિકા અને આર એન બીની ટીમોએ આજે દબાણની કાર્યવાહી હાથ ધરી છે પાલનપુરના એરોમા સર્કલથી કોજી વિસ્તાર અને પાલનપુરના એરોમાં સર્કલથી હનુમાન ટેકરી વિસ્તાર સુધીમાં ૧,૦૦૦ થી વધુ દબાણ આજે હટાવવાની કામગીરી શરૂ કરાઈ છે.

# બનાસકાંઠામાં જમીન સંપાદન મુદ્દે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

। બનાસકાંઠા, તા.૭ ।

બનાસકાંઠામાં જમીન સંપાદન મુદ્દે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. થરાદ-અમદાવાદ એક્સપ્રેસ-વે જમીન સંપાદન મામલે નવા જંત્રી ભાવ મુજબ વળતરની માગ ખેડૂતોએ કરી છે તેમજ યોગ્ય વળતર નહીં મળે તો ખેડૂતોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. બનાસકાંઠા જીલ્લામાં જમીન સંપાદન મુદ્દે ખેડૂતોએ આંદોલનની બાંગ પોકારી છે. થરાદ-અમદાવાદ એક્સપ્રેસ-વે જમીન સંપાદન મામલે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું છે. સંપાદન થયેલ જમીનના યોગ્ય વળતર માટે ખેડૂતોએ માગ કરી છે. બજાર ભાવ મુજબ જમીનના વળતર માટે ખેડૂતોએ માગ કરી છે. નવા જંત્રી ભાવ મુજબ વળતરની માંગ સાથે આવેદન અપાયું છે. જો સંપાદિત થયેલી જમીનનું યોગ્ય વળતર નહીં મળે તો ખેડૂતો દ્વારા આંદોલન કરવામાં આવશે.







